
SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

જન્મભૂમિથી જન્મભૂમિ
દિવ્ય પદયાત્રા

January '2004





દયાત્રા પૂર્વે અયોધ્યા મંદિરમાં મંગળા આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ.
ાચાર્ય મહારાજશ્રી



પદયાત્રા છપૈયા મંદિરના પ્રવેશદ્વારે પહોંચી ત્યારે સૌને દર્શન આપતા
પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી સાથે અમદાવાદ મંદિરના મહંત સ્વામી



સર્વોપરિ શ્રી બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના દિવ્ય ચરણોથી આ ભૂમિ મહાન અલૌકિક
તીર્થરૂપ બની છે.આપણા ઈષ્ટદેવના અપરસ્વરૂપના દિવ્ય ચરણોથી પુનઃ આ ભૂમિ ધન્ય બની !
સાથે લાભ લેતા શ્રી મનિષ કુમાર (બાળ લાલજી મહારાજના મામાશ્રી)તથા હજારો ભાવિકો.



લીંબડી મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજની આરતી ઉતારતા પ.પૂ.



વડનગર મંદિર પારાયણ પ્રસંગે પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ફોન
૨૧૩૩૮૩૫ (મંદિર)
૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ
૦૭૯ ૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૩૦૧-૦૦
વિદેશમાં રૂા. ૨૦૦૧-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

SHREE SWAMINARAYAN
શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ જાન્યુઆરી - ૨૦૦૪

અ નુ ક્ર મ ણિ કા

૧. અસ્મદીયમ્ ૨

૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૩

૩. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અયોધ્યા થી છપૈયાધામની પદયાત્રા ૫

૪. જેને શ્રીજીનો નિશ્ચય, તેને કહે તેમ કરે ૬

૫. હનુમાનજીને હરાવ્યા ૯

૬. નિષ્કામી ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ ૧૧

૭. એકડા સાથે જોડવાથી જ મીંડાનું મૂલ્ય થાય છે ૧૩

૮. આપણો બાપ કોણ ? ૧૪

૯. તમાકુની ભેટ : ભલભલાનાં મોં બંધ કરી દેતો રોગ - ઓરલ સબમ્યુકસ ફાઇબ્રોસીસ ૧૬

૧૦. માતૃઋણ ૧૯

૧૧. અપાર શક્તિ સદ્‌ગુરુ સંતની ૨૧

૧૨. સત્સંગ બાલવાટિકા ૨૨
(૧) જીવનનું સરવૈયું ક્યારે કરીશું ?
(૨) યુવાનીમાં મોત ?
(૩) મોટાની વાતો મોટી

૧૩. સત્સંગ સમાચાર દેશ-વિદેશના ૨૫

પ્રકાશક
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૧૩૨૧૭૦, ૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૧૭૬૮૬૨.

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે ''व्यर्थकालो न नेतव्यो भगवतो भक्ति विता'' ભગવાનના ભક્તે કોઇ પણ કામ વગરનો નકામો સમય બગાડવો નહીં. જગતમાં રહેવું છે એટલે પ્રવૃત્તિ વિના રહી શકાતું નથી. જગત સંબંધી એટલે કે ધન કમાવાની કે પરિવાર સંભાળવાની પ્રવૃત્તિ કર્યા વિના ચાલે નહીં. તે આપણે સતત કરતા રહીએ છીએ. પણ જ્યારે આવી પ્રવૃત્તિ ન હોય ત્યારે તત્કાળ ભગવાનની ભક્તિ તરફની પ્રવૃત્તિમાં જોડાઇ જવું જોઇએ. આજ સિદ્ધાંતને પોતાના જીવનમાં ચરિતાર્થ આપણા પૂજય આચાર્ય મહારાજશ્રી કરી રહ્યા છે. તે સર્વ જગતને પ્રત્યક્ષ દેખાય છે. સવારે વહેલાં ધનુર્માસની ધૂન્યમાં વિરાજમાન થાય ત્યારે સતત શ્રીહરિનું સ્મરણ થાય છે. વળી પાછા અયોધ્યાથી છપૈયા પદયાત્રામાં સતત ષડક્ષરી મહામંત્ર ''સ્વામિનારાયણ'' રટણ કરતા વિચરણ કરીને ભગવદ્ ભક્તિ પરાયણતાના દર્શન થાય છે. આવી ભક્તિ જીવના હૃદયમાં આવે ત્યારે એકાંતિક ભક્ત થવાની યોગ્યતા આવે છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)

- શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી

ના જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ડિસેમ્બર-૨૦૦૩)

૨. પ.ભ. દિલીપ ભાવસારને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, નારણપુરા.
પ.ભ. પુરૂષોત્તમદાસ ચુનીલાલ પટેલ (ખંભાતવાળા)ને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, સેટેલાઈટ.
પ.ભ. ધીરૂભાઈ ભુલાભાઈ પટેલને ત્યાં પધરામણી, સરસપુર.
પ.ભ. મુકેશભાઈ અમૃતલાલ પટેલના બ્લુવર્લ્ડના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, સેટેલાઈટ.

૩. જેતપર (મચ્છુ) શ્રી સ્વામિનારાયણ મંદિર (મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૪. પ.ભ. પ્રકાશભાઈ રામાભાઈ પટેલના પારસ ઓટોમોબાઈલ્સના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, ગાંધીનગર.
પ.ભ. સોની બળદેવભાઈ દયાળજીભાઈને ત્યાં પધરામણી, સેટેલાઈટ.

૫. ઈશ્વરનગર (તા. માળીયા- મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
પ.ભ. વસંતલાલ ત્રિભોવનદાસ ટાંકને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, પાલડી.
પ.ભ. પ્રહલાદભાઈ ખોડીદાસ પટેલના ઘરેણા ગોલ્ડ પેલેસમાં ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, ઘાટલોડીયા.
પ.ભ. અમૃતભાઈ પટેલ (અજરાપુરા વાળા)ના શ્રીજી અનાજ ભંડારમાં પધરામણી, ઘાટલોડીયા.
પ.ભ. સુરેશભાઈ વિઠ્ઠલદાસને ત્યાં પધરામણી (મોખાસણવાળા), ઘાટલોડીયા.
પ.ભ. જસુભાઈ વનમાળીદાસ સોનીને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, નવરંગપુરા.

૬-૭. કાનપુર (ઉત્તર પ્રદેશ) શ્રી નરનારાયણદેવ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિરની શિલારોપણ વિધિ પ્રસંગે પધરામણી.

૮. પ.ભ. કૌશિકભાઈ જમનાદાસ પટેલ (મહેસુલ મંત્રીશ્રી)ને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, શાહીબાગ.

૯. શ્રી સ્વામિનારાયણ મંદિર જસાપર (તા. ધ્રાંગધ્રા મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
પ.ભ. સુભાષભાઈ મગનભાઈ પટેલને ત્યાં પધરામણી, ઘોડાસર.

૧૦. પ.ભ. કલ્પેશભાઈ અમૃતલાલ ચોકસીને ત્યાં પધરામણી, માણેકચોક.

૧૧. મોખાસણ ગામે પ.ભ. બળદેવભાઈ સોમદાસ પટેલને ત્યાં પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
હિંમતનગર એક હરિભક્તને ત્યાં પધરામણી.

૧૩ થી ૧૫ સુરેન્દ્રનગર મંદિર પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી ત્યાંથી ભૂજ (કચ્છ) અને મિરજાપર (કચ્છ) જગન પ્રસંગે પધરામણી.

૧૬. વડનગર મંદિર પારાયણ પ્રસંગે પધરામણી.

૧૭. ઈશ્વરપુરા (બદપુરા) ગામે પ.ભ. ગલબાભાઈ ચૌધરીને ત્યાં પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૧૮. ખોલડીયાદ (તા. વઢવાણ - મૂળી દેશ) ગામે પ.ભ. રામજીભાઈ હરિભાઈ ગોહેલને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.

૧૯. સરઢવ (જી. ગાંધીનગર) મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૧. ધમાસણા (કલોલ) મંદિરમાં શાકોત્સવ પ્રસંગે પધરામણી.

કોઠાગામે પ.ભ. ભીખાભાઈ અંબાલાલ પટેલને ત્યાં પધરામણી.

પ.ભ. સુરેશભાઈ વિઠ્ઠલભાઈ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, સરખેજ-ગાંધીનગર હાઈવે.

૨૩ થી ૨૭ ડિસે. અયોધ્યા થી છપૈયા ધામની પદયાત્રા પ્રસંગે પધરામણી, (૨૫ ડિસેમ્બર)

૨૮ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેકટર-૨૩)ના રજત જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.



ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

ડિસેમ્બર–૨૦૦૩

૩ જાન્યુઆરી ૨૦૦૪ના અમેરિકાની ધર્મયાત્રા પરિપૂર્ણ કરી સ્વદેશ પધાર્યા.

ષષ્ઠિ પૂર્તિ મહોત્સવમાં બ્રાહ્મણ બટુકોને મંદિર તરફથી યજ્ઞોપવિત

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના અંગભૂત બ્રાહ્મણ બટુકોને યજ્ઞોપવિત નો કાર્યક્રમ તા. ૬-૪-૨૦૦૪ના રોજ સંપન્ન થશે. જેમાં લાભ લેવા ઈચ્છતા બ્રાહ્મણ બટુકોના વાલીઓએ અમદાવાદ શ્રીસ્વામિનારાયણ મંદિરથી ફોર્મ મેળવીને ભરીને મંદિરમાં આપી જવું.

- મહંત સ્વામી

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં થયેલા આરોગ્ય લક્ષી નિદાન કેમ્પો

પ.પૂ. ભાવિ આચાર્ય મહારાજ પૂજ્ય લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં તા. ૧૪-૧-૨૦૦૩ના વહેલાલ મંદિર, તા. ૨૧-૧૨-૨૦૦૩ના હાથીજણ શ્રીસ્વામિનારાયણ સંસ્કારધામ અને તા. ૨૮-૧૨-૨૦૦૩ના નિકોલ સ્વામિનારાયણ મંદિરમાં હૃદયરોગ, ડાયાબીટીસ, ફેંફસાના રોગ સર્વરોગ નિદાન કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પ વિના મૂલ્યે રાખવામાં આવેલ. જેમાં ૫૧૦ દર્દીઓએ લાભ લીધેલ.

કુલ ૨૨૪ હરિભક્તોએ બ્લડ ડોનેશન કરેલ. તેમાં જરૂરીયાત વાળા દર્દીને ડાયાબીટીસ, બ્લડ પ્રેસર ચેક કરી દવાઓ વિના મૂલ્યે આપવામાં આવેલ. કાડીયોગ્રામ પણ મફત કાઢી આપવામાં આવેલ. વહેલાલના સતીષભાઈ ઉકાભાઈ પદાણીએ લગ્નના સમયે પોતાનું બ્લડ આપીને લગ્નને વિશેષ આનંદમાં ફેરવ્યો.

આપણા પ.ભ. ડૉ. રમેશભાઈ પરીખ, ડૉ. ભાવિન પરીખ સાથે સવજીભાઈ પી. તળપદા, રાજુભાઈ પદમાણી જીતુભાઈ કાકડીયાએ વ્યવસ્થા કરી હતી. વહેલાલના સ્વામી ચૈતન્યમુનિદાસજીની સેવા પણ પ્રસંશનીય હતી.

(ડૉ. ભાવિન પરીખ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અયોધ્યાથી છપૈયા ધામની પદયાત્રા ધામધુમથી સંપન્ન થઈ

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન પણ કોઈ સંકલ્પ કરતા તો તેની પૂર્તિ માટે સંત-હરિભક્તોને સાથે રાખતા. તેનું કારણ મહારાજને દરેક મુમુક્ષુનું કલ્યાણ અને પરમ પદની પ્રાપ્તિ મળે તેવો હેતુ હતો. તે આજે ૨૨૫ વરસ પછી પણ તેમના અપર સ્વરૂપ દ્વારા તેવા જ સંકલ્પોને નિમિત્તરૂપ બનાવીને અનેક મુમુક્ષુઓનું કલ્યાણ કરવાની ખેવના રાખનાર એવા આપણા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ અયોધ્યા થી સર્વોપરિ ધામ છપૈયાની પદયાત્રાનો શુભ સંકલ્પ કરેલો. ગામોગામ કે શહેરોમાં તેનો પ્રચાર-પ્રસાર વિશેષ કરવામાં આવ્યો ન હતો. છતા પણ સંત-હરિભક્તો વિશાળ સંખ્યામાં જોડાયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ની સાથે અમદાવાદથી મહંત શા.સ્વા. નિર્ગુણદાસજી, જેતલપુરથી પી.પી. સ્વામી, કાંકરિયાના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને હજુર કારભારી પ.ભ. સંદિપભાઈ ચોકસી અને હરિભક્તોનો સમુદાય દિલ્હીની ફ્લાઈટમાં જવા સવારે વહેલા પધાર્યા. પરંતુ હવામાનમાં ધુમ્મસને કારણે દિલ્હીની ફ્લાઈટ બપોરે ૩-૦૦ કલાકે અમદાવાદથી ઉપડી અને દિલ્હીથી લખનૌની ફ્લાઈટ હવામાનને કારણે રદ થયેલી. જેથી દિલ્હીથી બનારસ ઉતરાણ કરીને ત્યાંથી ટેકસીમાં અયોધ્યા મોડી રાત્રે પહોંચ્યા. અત્રે અયોધ્યાના મહંત સ્વામી નંદકિશોરદાસજીએ સુંદર વ્યવસ્થા કરી હતી અમદાવાદથી નીકળ્યા ત્યાંથી જ ચમત્કાર-પરચા શરૂ થયેલા. સ્વયં શ્રીહરિનો જ સંકલ્પ હતો ને ! તેથી કુદરતી હવામાનને પણ થોડા સમય માટે ટાઈમ ટેબલ બદલી નાખવુ પડ્યું! ઉપરથી ઓર્ડર થાય એટલે ફેરફાર કરવો પડે. એવું અહીં થયું. નિયત સમયે જ પદયાત્રાનો અયોધ્યાથી પ્રારંભ થયો. ઉત્તર પ્રદેશની ઠંડીની કલ્પના કરવી અને પ્રત્યક્ષ અનુભવવી એમાં આસમાન જમીનનો ફરક છે. ગાત્રો થીજવી દે તેવી ઠંડી ! પણ પ્રાતઃકાળથી જ ઠંડી ગાયબ ! ચાલતા ચાલતા ઘણા સંત હરિભક્તો એ ગરમ સ્વેટર-સાલ-ટોપી ને કાઢી નાખવા પડેલા ! ગુજરાતના ગામે ગામથી ગણ્યા ગણાય નહી તેટલા હરિભક્તો જે સાધન મળ્યુ જે ગાડી મળી તેમાં સમયસર અયોધ્યા પહોંચીને પદયાત્રામાં જોડાયા. દરેકના જીવનમાં આવી પદયાત્રા કદાચ આવે કે ન આવે પણ આવો લાભ જીવનમાં જતો ન કરાય તેવી શુભ ભાવનાથી શ્રીહરિના અપર સ્વરૂપની સાથે તેમની ચરણરજને માથે આંખે ચડાવતા ! ધન્યતા અનુભવતા ! શ્રી સ્વામિનારાયણ મહામંત્ર રટતા ! બાલઘનશ્યામ પ્રભુએ જ્યાં બાળલીલા કરેલી તેવા મખોડાઘાટે પદયાત્રાએ વિરામ કરીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સંતો સાથે ઠાકોરજી જમાડ્યા. છપૈયાના મહંત સ.ગુ. બ્ર. સ્વામી વાસુદેવાનંદજીએ અહીં સુંદર વ્યવસ્થા ગોઠવી હતી. ૪૨ કિલો મીટરની પદયાત્રા સાંજે ૪-૦૦ કલાકે મખોડાઘાટથી છપૈયાની અલૌકિક દિવ્ય ભૂમિ પર પહોંચી ત્યારે સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના જય જયકાર સાથે મંદિરનું પ્રાંગણ ગાજી ઉઠ્યું. સીધા સર્વોપરિ સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ પોતાના દાદા શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કરીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ દરેક પદયાત્રીના શ્રેય અને કલ્યાણ સાથે સૌનું અતિ રૂડું થાય તેવી મંગલ ભાવના-પ્રાર્થના સાથે પદયાત્રા પૂર્ણ કરી.

(સાધુ ધર્મપ્રકાશદાસ તથા સાધુ રાધારમણદાસ)

જેને શ્રીજીનો નિશ્ચય, તેને કહે તેમ કરે

(વચનામૃત લોયા. પ્ર.૩) - પટેલ ગાંડાભાઈ મોહનલાલ (કોલાપુર)

ભગવાન અને તેમના સંતોનો એવો તો નિશ્ચય ભક્તોને હોય છે કે તેમનો કેફ નશો તેમનામાં વર્તાતો હોય છે. તેનાથી તેને દેહના સુખદુઃખ જરાપણ માનતા નથી તેની વાત કે વિચાર પણ કરતા નથી. તેઓ ભગવાન પાસે પોતાના દેહની રક્ષા કાજે કાંઈજ માગતા નથી. ફક્ત પોતાની નિષ્ઠા જળવાઈ રહે તેની જ સતત કાળજી તે લેતા હોય છે જેમ કે ભક્ત પ્રહલાદે ભગવાન નૃસિંહજીને કહેલ કે હે મહારાજ ! ભલે ને જગત તમારા આ સ્વરૂપથી ભય પામે છે પરંતુ હું તમારા વિકરાળ સ્વરૂપથી નથી બીતો. વળી તમોએ જે મારી રક્ષા કરી છે તેને મારી રક્ષા નથી માનતો કારણ કે મારો દેહ બચાવી લીધો તેનો કોઈ અર્થ જ નથી. તે તો બચે કે ના બચે તેની મને પડી નથી પરંતું તમો મારી ઈન્દ્રિયો રૂપી શત્રુથી રક્ષા કરો તો જ મારી ખરી રક્ષા છે અને તેવી રક્ષા કાજે જ તમારી ભક્તિ સતત કરતો રહુ છું.

જાયુંને ? ભગવાન ભક્તની દૈહિક રક્ષા કરે તેમાં તેને હર્ષ-શોક નથી તે તો અલમસ્ત થઈને ભગવાનની ભક્તિ કરે જ જવાનો. ભગવાન અને સંતોનું સત્ય માહાત્મ્ય જાણે જવાનો અને આત્માની ઓળખ કરી લેવાનો તેને તો અંતઃશત્રુઓ હેરાન ને અવરોધ ભગવાનની ભક્તિમાં ના કરે તે જ જોવાનુ છે.

જેને ભગવાનનુ માહાત્મ્ય જ્ઞાન છે ને નિશ્ચય કર્યો છે તે કેવાં અધીરાં હોય છે તે કઠલાલનાં ડોશીમા રામબાઈને સાંભળો તો જણાશે. એક વખતે તે ડોશી ગામને કૂવે પાણી ભરવા ગયેલાં ત્યાં બીજાં બહેનોએ વાત કરી કે તમારા સ્વામિનારાયણ તો હમણાં જ આ બાજુ ગયા. ડોશીએ આ સાંભળતા જ તે સાથે ભરેલ પાણીના ઘડા સાથે મહારાજની પાછળ દોડયા. શ્રીજી મહારાજના નામની બૂમો પાડે ! ઉભા રહો ! ઉભા રહો ! શ્રીજી મહારાજ ઉભા રહો ! મહારાજ ઉભા રહ્યા ! ડોશીમાં પહોંચી ગયાં ને આવીને માથેથી ઘડો ઉતારી શ્વાસ લઈ પછી થોડીવારે હાથ જોડી મહારાજને ઠપકો આપવા લાગ્યાં. મારૂ ઘર ટાળીને આમ બારોબાર જાઓ તે ઠીક ના કહેવાય ! ગામમાં હું એક જ સત્સંગી છું તેથી મને મુકીને ચાલ્યા. પરંતુ આખું ગામ સત્સંગી હોત તો તમને કોઈ જવા દેત ખરા ? શ્રીજી મહારાજ આવું સાંભળી મરક મરક હસી પડ્યા !

ઠીક છે હવે જરા બેસી મારા ઘડામાંથી જળ પાન કરો. ને પછી તે ઘડામાં તમારા ચરણ બોળો ! અરે ! ડોશી પછી તે પાણીનું તમો શું કરશો ? તો પાકા નિશ્ચયવાળાં ડોશીમાએ જે જવાબ આપ્યો છે તે એવો પાકો છે કે તમો સત્સંગી નહોતો પણ સત્સંગી થઈને રહો. તેનાથી શ્રીજી મહારાજ પણ રાજી ના રેડ થઈ ગયા !

રામબાઈ ડોશીમા કહે મહારાજ ! આ તમારા ચરણ બોળેલ પાણીને ગામના કુવામાં નાંખીશ અને તમારી પ્રસાદીનું પાણી દરેકના પેટમાં જશે ને સૌનાં અંતર પવિત્ર થઈ જશે. તેથી આખું ગામ સત્સંગી થઈ જશે. પછી તમો બારેબાર કેવી રીતે જાઓ છો તે હું જોઈશ !

જોયું કેટલું માહાત્મ્ય છે ? અને કેવો ડોશીનો પાકો સંકલ્પ ! વળી તે સંકલ્પ શ્રીજી મહારાજે પુરો કર્યો. પ્રસાદીનું પાણી તે કુવામાંથી પી પી ને આખું ગામ સત્સંગી બની ગયું ! બધા જ સ્વામિનારાયણ. . સ્વામિનારાયણ કરવા લાગ્યા.

આવાં જ ગઢપુરનાં એભલખાચરનાં પુત્રી જીવુબા હતાં. બાળપણથી જ ભજન-ભક્તિમાં અપાર શ્રદ્ધાને પ્રેમ કોઈનું ના સાંભળે, પિતા ટોકે તો દેહની નશ્વરતાની વાત કરતાં અને એક પરમાત્મા જ સત્ય છે તેની ભક્તિ જ સાચા સુખનું સાધન છે. જીવુબા મૂર્તિને થાળ ધરાવતાં તો તેને ગ્રહણ કરી જતા ! ને તે દરબારમાં સહુ જોતા ! તેમણે શ્રીજી મહારાજની આજીવન સેવા ને ભક્તિ કરી. તેમને પ્રસન્નને રાજી કરતાં. તેમની ભક્તિથી સાક્ષાત્ ભક્તિમાતાએ પ્રત્યક્ષ દર્શન આપીને વરદાન આપેલ. શ્રીજી મહારાજ ગઢડાથી બહાર ગયા હોય ને વાયદા પ્રમાણે ના આવે તો તેમના ઉદરમાં અન્ન ટકતું ન હતું. આવાં સ્નેહનાં પ્રત્યક્ષ મૂર્તિ સમાન ને પરિપક્વ નિશ્ચયવાળાં હતાં.

આવાં બીજાં દાદાખાચરનાં બહેન હતાં લાડુંબા. તે પણ જીવુંબાની જેમ જ શ્રીજીની સેવામાં સદા તત્પર ! બન્ને બહેનોએ ઉત્સવને સમૈયાની સેવા વહેંચી લીધી હતી. શુક્લ પક્ષની સેવા જીવુબાની અને કૃષ્ણપક્ષની સેવા લાડુંબાની ! જીવુબામાં સ્નેહનું અંગ હતું ! અને લાડુબામાં સેવાનું અંગ હતું ! તેમને સંતની સેવાનું માહાત્મ્ય એવું હતું કે એક વખત અખંડાનંદ સ્વામી ખૂબજ માંદા થઈ ગયેલા. તેમને લોહીખંડનું દર્દ હતું. રસ્તામાં ઝાડ તળે સૂઈ રહેલા. ત્યાંથી લાડુબા વ્હેલમાં બેસી નીકળ્યાં ને આ જોયું તો પોતે ઉતરી ગયાં ને સ્વામીને વ્હેલમાં બેસાડી ગઢડે મોકલ્યા. અને પોતે ચાલતાં આવ્યાં. આવી રીતે સતત શ્રીજી મહારાજને સંતોની સેવામાંજ સુખ માનતાં હતાં.

બન્ને બહેનો અને ભાઈ દાદા

ખાચરની ખૂબજ સેવા પ્રેમને આત્મસમર્પણની ભાવનાને કારણે જ શ્રીજી મહારાજ ગઢડાને ગોકુળ કરીને રહ્યા હતા !

આવાં જ એક બ્રાહ્મણ જ્ઞાતિના મોટા રામબાઈ હતાં. બાળપણ ભજન ભક્તિમાં ગયેલ ને જેતપુરમાં તેમને પરણાવેલ. પરંતુ સાસરીયામાં બધા જ કુસંગી હતા. તેમની ભજન ભક્તિમાં વિઘ્ન કરતાં, ઘરમાં બધાં લસણ-ડુંગળી ખાય તે રામબાઈને પસંદ નહી. તેથી તેઓ અલગ રોટલો બનાવી ખાવા લાગ્યા. છતાં તેમને બધા દુઃખ દેવા લાગ્યા. તેથી અંતે તેમણે આ દેહનો ત્યાગ કરવાનો વિચાર કર્યો. સત્સંગ ના કરવા દે તેનો ત્યાગ કરવામાં પાપ નથી. તેવું વિચારીને વર્ષાઋતુની ગાઢ રાત્રીએ ગઢપુર જવા નિકળી પડ્યાં. ભાદર નદીને કાંઠે આવી શ્રીજી મહારાજને સહાય કરવા સ્તુતિ કરીને ભાદરમાં કુદી પડ્યાં. શ્રીજી મહારાજે તેમને ઝીલી લીધાં ! ને સીધા ઘેલા નદીને કાંઠે મુકી દીધા ! રામબાઈ તો રોવા લાગ્યા. અધવચ્ચે મુકીને ક્યાં ગયા ? કોઈને પૂછયું તો આ ક્યું ગામ છે તો કહે બહેન આ તો ગઢડા છે અને તમો ઘેલાને કિનારે ઉભાં છો ! રામબાઈને આનંદનો પાર ના રહ્યો. અને શ્રીજી મહારાજને આવી મલ્યાં. દર્શન કરીને તેમની સેવામાં આજીવન રહ્યાં ! આવાં મુક્ત હતા. તેમનામાં ત્યાગની અખંડવૃત્તિ હતી. શ્રીજીને વાસ્તે ગમે તે ત્યાગી દેવા સદાય તત્પર રહેતાં અને તે પ્રમાણે જ પોતાનું જીવન જીવી ગયા.

દાદા ખાચરની બન્ને બહેનો જેવી હેત ને સેવાના પ્રતિક હતાં તેવા જ તેમના ભાઈ દાદાખાચર પોતે સત્સંગ કાજે પ્રાતઃસ્મરણીય હતા. દરેક સત્સંગી જ્યારે પૂજામાં વચનામૃત વાંચવા માંડે ત્યારે ગઢડા પ્રકરણમાં પ્રથમ જ "દાદા ખાચરના દરબારમાં" કરીને જેનો પ્રારંભ થાય તે શ્રીજીનું કેટલું બધુ માન પામી ગયેલ ધન્ય ભાગી આત્મા ગણાય ! તે એક આત્મનિવેદી ને અટલ નિષ્ઠા-વિશ્વાસના મૂર્તિ સમાન હતા. તેમણે પોતાના દરબારને સાધુઓના મઠમાં પરિવર્તન કરી નાખ્યો હતો. શ્રીજી મહારાજના રહેવાથી ગઢડાને ગોકુળ સમ યાત્રાનું ધામ બનાવી રાખેલ હતું. શ્રીજી મહારાજની હાજરીમાં દાદા ખાચરે તેમની આજ્ઞાઓને લેશ માત્ર પણ અવગણી ન હતી. મહારાજ કહે તે કરવા સદા તૈયાર ! તેમાં બીલકુલ તર્ક કે આશંકા કરવાની નહીં.

દાદા ખાચરને પુત્ર ન હતો. તેથી શ્રીજી મહારાજે કહ્યું કે તમારો ગરાસ બહેનોને લખી દો તો તરત જ દસ્તાવેજ કરી દીધો. પછી કહે કે હવે શું કરશો ? તો કહે ક્યાંક નોકરી કરીશું. મહારાજે આજ્ઞા કરી તમે બહેનોનાં ત્યાંજ નોકરી કરો. તો તેમના કહેવાથી તેમ નક્કી કર્યું. શ્રીજી મહારાજની આજ્ઞામાં કંઈ જ ફરક ન પડે તેમ તે કરતા તેથી અંતે કરેલ દસ્તાવેજ ફાડી નાખ્યો અને દાદા ખાચરનું પુનઃલગ્ન શ્રીજી મહારાજે કરાવ્યું. જાનમાં સાધુઓ સાથે શ્રીજી મહારાજ ગયા હતા.

વારંવાર શ્રીજીમહારાજ દાદાખાચર નાં વખાણ કરે ને તેમનામાં વિશ્વાસની વાતો કરે તે જીવાખાચરને ના ગમે તેથી શ્રીજી મહારાજને ઠપકો આપે કે તમો તેનામાં શું ભાળી ગયા છો કે આટલો ઉપાડીને દાદાને ફરો છો ? શ્રીજી મહારાજ કહે સમય આવે બતાવીશ. તમો તેના જેટલાં નહીં તે નક્કી ! એક સમયે શ્રીજીમહારાજની સાથે દાદાખાચરને જીવાખાચર હતા. ચોમાસાના દિવસો હતા. ગઢડાની ભાગોળે ઘેલામાં સ્નાન કરવા ગયેલા. ત્યાં ભાગોળે એક ગરીબ ભિક્ષુકને ચૂલો સળગાવતો જોયો. તે સળગે નહીં. ને વરસાદ હેરાન કરે. તો શ્રીજી મહારાજે કહ્યું વરસાદમાં લોકો હેરાન થાય છે. તેથી જાત્રાળુઓ કાજે ગઢડાની ભાગોળે ધર્મશાળા બંધાવો. ત્યાં તરત જ જીવાખાચર બોલી ઉઠ્યા એમ કંઈ બંધી જતી હશે ? એવાતો કંઈક આથડે જાય ! પછી જ્યાં શ્રીજી મહારાજે દાદાખાચરને પૂછયું તો કહે જેવી શ્રીજી મહારાજની આજ્ઞા. હાલ તો ભિક્ષુકને ઘરે લઈ જઈએ પણ ચોમાસા બાદ ધર્મશાળા બંધાવી દઈએ. આમે દરબાર તો તમારો જ છે ને ? ત્યાં શ્રીજી મહારાજે જીવાખાચરને ટકોર કરી. જોયું ! આ કારણે અમો દાદો-દાદો કરી થાકતા નથી!

આવા દાદાખાચરને પણ શ્રીજી મહારાજનો મહિમા કહેનાર જે હતા તે કારીયાણીનાં માંચો ભક્ત. તે માંચા ભક્તને શ્રીજી મહારાજ માંગરોળમાં મળેલ ને તેમના દર્શન માત્રથી સમાધિ થઈ ગઈ હતી. ને શ્રીજી મહારાજના થઈને રહ્યા હતા. તેજ માંચા ભક્તે ગઢપુર જઈ એભલખાચરને શ્રીજીનો મહિમા સમજાવેલ ને પાકા સત્સંગી બનાવેલા. તેને એવો શ્રીજીનો નિશ્ચય કે એક વેળા કોઈ બાવો કિમીયાવાળો મલ્યો ને કહે હું તાંબાનું સોનું બનાવી દઉ છું. લાવો તમોને બતાવું. તમારા સદાવ્રતમાં તે કામ લાગશે. ભક્ત તો ઉઠ્યાને ઘરમાં ગયા. ને મોટી લાકડી લઈ આવ્યાને ઉગામીને પેલા બાવા ઉપર કહે તને સોનું બનાવતાં આવડે છે તો માગવા શાને કાજે નિકળ્યો છે ? ઉભો થા ! અને ગામની પાદરે તેને મુકી આવ્યા ! અમારે તો શ્રીજી વિના જગતમાં કોઈ જ નથી. તે પાકો નિશ્ચય કહેવાય.

ગામ ગરાસવાળા હતા છતાં

અનાસકત હતા. એક વખતે ગઢડેથી શ્રીજી મહારાજનું તેડું આવ્યું કે તરત જ ગઢડે આવો. અત્રે કારીયાણીમાં કપાસનું વાવેતર પાંચસો વિઘામાં હતું. મન પાછળ રહે તેમ હતું. તેથી મન મક્કમ કરી રબારી બોલાવી સર્વે ખેતર ભેળાવી દીધુ ને પોતે નિશ્ચિંત થઈ ને ગઢડે શ્રીજી મહારાજની આજ્ઞા પાલન કરવા જતા રહ્યા ! આવા એક શ્રીજી મહારાજ વિના તેમને કોઈજ ન હતું. તે નક્કી જ હતું. જેને માહાત્મ્ય જ્ઞાને સહિત ભગવાનનો નિશ્ચય હોય તેવા એકાંતિક ભક્તમાં મોખરાનું સ્થાન માંચા ભક્તનું શ્રીજી મહારાજ પોતે લેતા હતા.

એવા જ શ્રીજી મહારાજની સતત સેવામાં સાથે રાત-દિવસ રહેનાર મુળજી બ્રહ્મચારી કે જે શ્રીજી મહારાજની સેવા કરતા તે તેમને ગમતી હતી. તેમના વગર શ્રીજી મહારાજને ચેન ના પડ્યું. આવા સેવકની પણ શ્રીજી મહારાજે કસોટી કરેલ ને પોતાની સેવામાંથી દૂર કરેલ. પરંતુ મુળજી બ્રહ્મચારીનું મન તો શ્રીજી મહારાજમાં જ રહેતું. છેવટે શ્રીજી મહારાજ કાજે કેરીનો ટોપલો માથે ઉપાડી ઉઘાડા પગે ગઢડે આવ્યા ને શ્રીજી ને મલીને રડી પડ્યા ! સાથે શ્રીજી મહારાજ પણ રડી પડ્યા. આવો સેવક-સ્વામીનો મેળાપ અક્ષરધામને ગઢડે લાવીને મુકી દે છે.

આ બધી વાતો ભગવાનના નિશ્ચયમાં જરા પણ ફેર ન પાડનારા ભક્તોની છે. તેને શ્રીજી મહારાજે વચનામૃતમાં લોયા પ્રકરણ-૩માં નામ દઈ દઈને સ્નેહથી ગાઈ છે. કહી છે. તેથી જ તેમનું વર્તન જ આપણા સત્સંગને કંઈને કંઈ કહી કે બતાવીને જતું હોય છે. તે જ પ્રેરણા આપણા જીવનનું ભાથું બનીને રહે છે અને તેજ સર્વોપરિ શ્રીજી મહારાજના કરીને આપણને રાખે છે.

શ્રીજી મહારાજની આજ્ઞાપાલક સત્સંગ સેવા પરાયણ શ્રીહરિના લાડીલા પરમભક્ત સર્વે હરિભક્તો પ્રતિ,.....

અમદાવાદશ્રી નરનારાયણદેવના નિર્ભયચરણકમળના પરમ આશ્રયથી પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી આપ સૌ હરિભક્તો પ્રતિ અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના ઘણા હેતપૂર્વક જયશ્રી સ્વામિનારાયણ સૌ હરિભક્તોએ વાંચવા.

વિશેષમાં શ્રીજી મહારાજની કૃપાથી આપ સૌ ભક્તોને મહારાજની આજ્ઞા પાલન પૂર્વક ભક્તિ સારી રીતે થતી હશે. તેમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપા થાય. જેથી વિશેષ કરીને ધર્મનું પાલન કરીને મોક્ષ પ્રાપ્ત કરાવનારી ભગવાનની પરા ભક્તિ સદા થતી રહે એવી શુભકામના સાથે આપ સૌ ભક્તોને ખાસ જણાવવાનું કે આપણે સૌ જાણીએ છીએ તેમ આપણા **પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ને ચૈત્રવદ ત્રીજના શુભ દિને સાઈઠ વર્ષ પૂર્ણ થતા હોવાથી **તા. ૨-૪-૨૦૦૪ થી તા. ૮-૪-૨૦૦૪** સુધી. સપ્તદિનાત્મક **"ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ"** ઉજવવાનું આયોજન કરેલ છે. જેમાં દેશ-વિદેશમાં વસતા આપણા લાખો હરિભક્તો આવવાના છે. જેમાં પારાયણ જ્ઞાનયજ્ઞ, મહાવિષ્ણુયજ્ઞ, અખંડ ધૂન્ય વિગેરે ધાર્મિક કાર્યક્રમો થવાના છે. આવો દિવ્ય લાભ લેવાથી આપણા ગામના હરિભક્તો પણ કેમ રહી જાય ! એ તો ન જ બાકી રહે ! જરૂર આપ સૌ પણ આ મહામહોત્સવનો આનંદ માણવા આવશો. એટલે આપ સૌ ભક્તોની અમો આવવાની પ્રતિક્ષા કરીશું. આપના ઉતારાની અને સ્વાગત ભોજન આદિની વ્યવસ્થા સારી થઈ શકે તેવા કારણોસર આપને વિનંતી કે આપના ગામથી જે હરિભક્તો આવવાના હોય તેમની સંખ્યા અને રોકાવાના દિવસો, આવી પહોંચવાની તારીખ વિગેરે અમોને અગાઉથી જાણ કરશો. જેથી આપના માટેની સુવિધા તૈયાર રાખવાની અમને સાનુકુળતા પડે. આ વાતની મંદિરમાં નોટીસ બોર્ડ ઉપર સૂચના લખીને સૌને જાણ કરશો. જે હરિભક્તો પોતાની રીતે આવવાના હોય તેમને પણ અમોને તેઓ જાણ કરી શકે એટલા માટે અમારો ફોન તથા ફેક્સ તથા સરનામું આ પ્રમાણે છે. તે ઉપર જાણ કરવા ખાસ તસ્દી લેશો એજ. ઉત્સવમાં વિદેશથી આવતા દરેક હરિભક્તોએ પોતાનો કાર્યક્રમ તથા સાથે કેટલા માણસો છે. તેની વિગત અવશ્ય લખવી.

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧,

ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ, ઉતારા સમિતિ.

ફોન : (૦૭૯) ૨૧૩૨૧૭૦. ફેક્સ : (૦૭૯) ૨૧૭૬૯૯૨.

- મહંત સ્વામી

હનુમાનજીને હરાવ્યા

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

નારદજીની સૂચનાથી પાંડવોએ પોતાના ગૃહસ્થ જીવનમાં એક વ્યવસ્થા ગોઠવી હતી. પાંચે ભાઈઓએ સર્વ સંમતિથી એક ઠરાવ કર્યો હતો. દરેક ભાઈએ દ્રૌપદી સાથે એક એક વર્ષ રહેવું. જે ભાઈ દ્રૌપદી સાથે રહેતો હોય તેના દામ્પત્ય જીવનમાં ડખલગીરી કરવી નહિ. તેમાયં પણ બંને જણાં જ્યારે એકાંતમાં બેઠા હોય ત્યારે બીજાએ તેની પાસે ફરકવું પણ નહિ. આ શરતનો કોઈ થી કદાપિ ભંગ થઈ જાય તો તેણે બાર વર્ષ સુધી બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી વનમાં રહેવું.

પાંડવો સુખી હતા. પ્રજા સુખી હતી. ધર્મરાજનો રાજધ્વજ ધર્મધ્વજ સરખો લહેરાતો હતો. ઈન્દ્રપ્રસ્થ પોતાના રાજ્યની ક્ષિતિજો વિસ્તારી રહ્યું હતું. એવામાં એક પ્રસંગ બન્યો. એક બ્રાહ્મણની કેટલીક ગાયો ચોર લોકો ઉઠાવી ગયા. બ્રાહ્મણે પાંડવોના રાજદરબારે ધા નખી. ગૌબ્રાહ્મણ રક્ષક અર્જુન ઉભો થઈ ગયો. જરા ખચકાયો. એને પેલો ઠરાવ યાદ આવ્યો. પણ ત્વરિત નિર્ણય કરી લીધો. ગમે તે થાય. રાજધર્મ પહેલો. ધર્મરાજ યુધિષ્ઠિર અને પાંચાલી નિજને ગૃહ મંદિરે ગોષ્ટિ કરતા બેઠા હતા. ઝડપથી જઈને, 'મોટાભાઈ ક્ષમા કરજો' કહીને પોતાનું ગાંડિવ ખભે ચડાવતો અર્જુન બહાર નીકળી ગયો. ચોરોનો પીછો કર્યો. ગાયો પાછી મેળવી. બ્રહ્મદેવને સોંપી.

પણ ઠરાવ ભંગથી બાર વર્ષનો વનવાસ આવ્યો. મહારાજા યુધિષ્ઠિરને પગે લાગી, આજ્ઞા માગી. ગોરક્ષાનું કાર્ય એ ક્ષત્રિયોનો પ્રથમ ધર્મ. યુધિષ્ઠિર તેને પ્રાયશ્ચિતમાંથી મુક્તિ આપવા તૈયાર થયા. પરંતુ અર્જુન માન્યા નહિ. પ્રતિજ્ઞા પાલનમાં છટકબારી નહિ. તીર્થ પ્રવાસે નીકળી પડ્યા. હરિદ્વાર, બદરીકેદાર, નૈમિષારણ્ય, અંગદેશ, બંગાળ, મહેન્દ્રગિરિ, મણિપુર, શિવકાંચી, વિષ્ણુકાંચી વગેરે તીર્થોમાં ફર્યા. કામ્થક વનમાં આવ્યા. ત્યાંથી સેતુબંધ રામેશ્વર આવ્યા. રામેશ્વર ભગવાનના દર્શન કર્યા.

રામેશ્વર મહાદેવની પ્રતિષ્ઠાની એક રસિક વાત છે. કહે છે કે આ મહાદેવની સ્થાપના માટે આચાર્યપદ ગ્રહણ કરવા ખુદ શ્રીરામે લંકાધિપતિ રાવણને આમંત્રણ આપ્યું હતું. રાવણ મહાદેવનો પરમ એકાંતિક ભક્ત હતો. શુદ્ધ બ્રાહ્મણ હતો. તેણે આચાર્યપદ ખુશીથી સ્વીકાર્યું. તથા પ્રતિષ્ઠા માટે શિવલિંગ ક્યાંથી લાવવું, કેવા પ્રકારનું લાવવું, કેવડું લાવવું તેની બધી વિગતો આપી. પ્રતિષ્ઠાનું મુહૂર્ત પણ જોઈ આપ્યું. રાવણના કહ્યા મુજબ રામે સેવક હનુમાનજીને આવું શિવલિંગ મેળવવા સારુ કાશી ક્ષેત્રમાં મોકલ્યા.

રાવણ પ્રતિષ્ઠા વિધિ માટે બ્રાહ્મણરૂપે આવ્યો. આચાર્ય તરીકે તે ઘણો શિષ્ટાચારી હતો. તેના બ્રહ્મસ્વરૂપની પ્રતિભાનું વર્ણન સરસ રીતે કરવામાં આવ્યું છે. એ જાણતો હતો કે પ્રતિષ્ઠા વિધિમાં યજમાન રામ સાથે સીતાજીને બેસવું પડશે. આથી સીતાજીને લઈને જ આવ્યો હતો. સીતાજીને કોઈ શંકા-કુશંકા ન થાય એટલા માટે વિભિષણની પત્નીને સાથે લીધી હતી. મુહૂર્તનો સમય આવ્યો પણ હનુમાનજી શિવલિંગ લઈને આવ્યા નહિ. આચાર્ય તરીકે રાવણે રામને કહ્યું.' મુહૂર્તનો સમય ઘણો નજીક આવ્યો છે. પ્રતિષ્ઠાની ઘડી જવા નહિ દેવાય. તમે સીતાજીને કહો કે રેતીનું શિવલિંગ મારી સૂચના મુજબ બનાવે. રેતી ક્યાંથી લેવી એ હું બતાવું છું. આપણે તેની પ્રતિષ્ઠા કરશું.''

આચાર્યના કહેવા પ્રમાણે વૈદિક વિધિથી રામે શિવલિંગની પ્રતિષ્ઠા કરી. સઘળી વિધિ પુરી થઈ એટલે રાવણ, વિભિષણની પત્ની તથા સીતાજી ત્રણેય લંકા પાછા જતા રહ્યા. એ પછી હનુમાનજી શિવલિંગ લઈને આવ્યા. આવશ્યકતા મુજબના શિવલિંગની શોધમાં વિલંબ થયાનું જણાવી અફસોસ વ્યક્ત કર્યો. દુશ્મન એવા રાવણના શબ્દોમાં વિશ્વાસ રાખીને પોતાની રાહ પણ જોયા વગર રેતીના શિવલિંગની સ્થાપના કરી તેથી હનુમાનજીને માઠું લાગ્યું. પરંતુ રામજીના ખુલાસાથી અને પોતે દાસ ભક્તિને વરેલા હોઈ ઈષ્ટદેવના આ કામ માટે મન મનાવી લીધું.

પ્રભો ! હવે આ શિવલિંગનું શું કરશું ? એમ હનુમાનજીએ પૂછયું ત્યારે પ્રસન્ન થઈને પ્રભુ બોલ્યા. મેં શિવલિંગ પધરાવ્યું છે તેની બાજુમાં જ આ શિવલિંગને તમારા હસ્તે પધરાવો. આ વિધિમાં તમારો આચાર્ય હું થઈશ. શ્રીરામની આજ્ઞાથી હનુમાનજીએ તે શિવલિંગની સ્થાપના કરી. શ્રીરામે સ્થાપેલ રામેશ્વર મહાદેવ અને હનુમાને સ્થાપેલ હનુમંતેસ્વર મહાદેવ એકબીજાની સાન્નિધ્યમાં આજે ય ત્યાં

વિરાજે છે.

એ રામેશ્વર મહાદેવ મંદિરે અર્જુનને હનુમાનજી મળ્યા. બંનેએ પરસ્પર નમસ્કાર કર્યા. પવનસુત કહે છે હું અહીં કાયમ રહું છું. મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીરામચંદ્રના દર્શન કરું છું. તેમની સેવા કરું છું. તેમના લીલા ચરિત્રો ગાઉ છું. અહીં ઘણા સત્પુરુષો, ઋષિ મુનિઓ તથા દેવગણો આવે છે. તેમના પણ દર્શન થાય છે. અલૌકિક સુખ મળે છે. આજે આપના દર્શનથી ધન્યતા અનુભવુ છું.

અર્જુન કહે છે તમે શ્રીરામજીના અનન્ય સેવક છો. તેમની પાસે જ રહેનારા છો. તો મને રામકથા સંભળાવો. અંજનીપુત્ર મહિમા પૂર્વક દશરથનંદન રામચંદ્રજીની કથા સંભળાવે છે. લંકાનગરીમાં પ્રવેશ માટે સમુદ્ર ઉપર પુલ બાંધવાનો પ્રસંગ આવ્યો. નલ અને નીલ નામના બે વાનરો પુલ બાંધવાનું કાર્ય કરે છે. અનેક સહાયકો શક્તિ પ્રમાણે પથ્થરો ઉપાડીને લાવે છે. આ બે ઈજનેરો સમુદ્ર જળ ઉપર રામનું નામ લઈને પથ્થરો ગોઠવે છે. સેતુ તૈયાર થતો જાય છે. ચારસો ગાઉ લાંબો પુલ તૈયાર કર્યો.

સેતુ રચનાની વાત સાંભળીને અર્જુને હસતાં હસતાં હનુમાનજીને પૂછયું. રઘુકુળ નાયક રામચંદ્ર તો સમર્થ હતા. ઈશ્વર મૂર્તિ હતા. શક્તિશાળી હતા. અદ્‌ભુત બાણાવાળી હતા. તેમણે બાણો વડે સેતુ કેમ ન બાંધ્યો ?

બાણ વિનાશનું હથિયાર છે. સર્જનમાં કામ નથી આવતું. બાણથી બાંધેલો પુલ તૂટી જાય.

હું હોત તો તૂટે નહિ તેવો પુલ બાણથી જ બનાવી આપત.

એમ હોય તો તમે અત્યારે જ એવો સેતુ બાંધો. કેવોક મજબૂત બને છે તે હું જોઉં.

અર્જુને બાણ વિદ્યાથી એક યોજન લાંબો સેતુ બનાવ્યો. પછી કહ્યું. કપિરાજ! જોઈ લ્યો એની મજબૂતાઈ ! વજ્ર તૂટે પણ પુલ નહિ તૂટે. જો કોઈ બળવાન વીર પુરુષ આ પુલને તોડી નાખે તો મારે અગ્નિસ્નાન કરી જીવન સમાપ્ત કરી દેવું. એ હું પ્રતિજ્ઞા લઉ છું.

હે કુંતીપુત્ર ! હનુમાનજીએ હાક મારી. આ પુલ મારે એક જ કુદકાથી તોડી પાડવો. જો ન તોડી પાડું તો તમારો દાસ બની જાઉં ! ઝીલો પડકાર. પ્રતિજ્ઞા પાળી દેખાડજો.

પડકાર ઝીલું છું. અંજની પુત્ર ! દાખવો તમારો પ્રબળ પ્રહાર. રામકથામાં એક વીરગાથા ભલે ઉમેરાય.

"જય શ્રીરામ"ની ઘોષણા કરતા હનુમાનજી પુલ ઉપર કુદીને પડ્યા. પુલ તુટી ગયો.

અર્જુનનું મુખ શ્યામવરણું થયું. અગ્નિસ્નાન માટે કાષ્ટ એકઠા કરવા લાગ્યા.

આ બનાવની અસર દ્વારિકાપુરીમાં થઈ. ભગવાન શ્રીકૃષ્ણ રાજસિંહાસને બેઠા છે. ત્યાં એકાએક તેમના મુખ ઉપર ચિંતા અને ઉદાસીનતા છવાઈ ગઈ. અંતર્યામી શક્તિથી જાણ્યું કે અર્જુને દુઃસાહસ કર્યું છે. કોઈપણ રીતે એને બચાવવો પડશે. એ આત્મવિલોપન કરશે તો મારે પણ પ્રાણ ત્યાગ કરવો પડશે અને કરવા ધારેલા કાર્યો પૂર્ણ નહિં થાય.

અર્જુનને ચિત્તા તૈયાર કરવામાં પ્રવૃત થયેલો જોઈ ત્યાં એક બ્રાહ્મણ આવ્યો. એણે પૂછયું ભાઈ ! કોનું મૃત્યુ થયું છે ?

મૃત્યુ થયું નથી પણ થવાનું છે.

બ્રાહ્મણ વધુ સાંભળવાની ઈંતેજારીથી મૌન રહ્યો. તેની નજરમાં ઉત્સુકતા હતી. અર્જુને સેતુ રચનાની તથા પ્રતિજ્ઞાની સઘળી વાત કરી. પછી તેણે હનુમાનજી તરફ જોઈને પૂછયું. તમે પરસ્પર આવી પ્રતિજ્ઞા કરી છે તે ખરું હશે પણ એનો કોઈ સાક્ષી છે ?

બંનેએ ના પાડી.

જુઓ ભાઈ, જેનો કોઈ સાક્ષી ન હોય તે વાતની પ્રસિદ્ધિ થાતી નથી. અને જગતને માન્યામાં આવતી નથી. માટે હું સાક્ષી થાઉં છું. આ ભાઈ ફરીથી સેતુ બનાવે અને તમે તોડી પાડો. જે પરિણામ આવે તે અનુસારે તમારી પ્રતિજ્ઞાનું પાલન કરો.

બંને સંમત થયા.

અર્જુને સેતુ બાંધ્યો ત્યારે ભૂદેવ સ્વરૂપ શ્રીકૃષ્ણે ગુપ્તપણે સેતુ નીચે પોતાનું સુદર્શન ચક્ર મુકી દીધું.

હનુમાનજીએ કુદકો માર્યો પણ પુલ તુટ્યો નહી.

બ્રાહ્મણે કહ્યું ભાઈ ! તમે હાર્યા છો. પ્રતિજ્ઞાનું પાલન કરજો. અર્જુનના રથની ધજા પર બેસજો. સંકટ સમયે સહાય કરજો.

ત્યારથી અર્જુન કપિધ્વજ નામધારી બન્યા.

સાક્ષી જતા રહ્યા. અર્જુને પણ વિદાય લીધી. પ્રભાસ ક્ષેત્રમાં આવ્યા. શ્રીકૃષ્ણને ખબર પડતાં તેઓ અર્જુનને મળવા પ્રભાસ ગયા. ત્યાંથી બંને જણા સાથે ગિરિનાર યાત્રાએ ગયા. ત્યાંથી શ્રીકૃષ્ણ કુંતીફોઈના દીકરાને દ્વારિકા તેડી લાવ્યા.

નિષ્કામી ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

અક્ષરધામના અધિપતિ પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન આ બ્રહ્માંડમાં પધાર્યા ત્યારે તેમની સાથે અક્ષરમુક્તો, અવંતર ધામોના મુક્તો તથા બ્રહ્માંડના મુક્તો આ ભૂલોક પર પધારેલા. તેઓ સૌ આ પૃથ્વી પર સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ અને ગૃહસ્થ સ્ત્રી પુરુષ રૂપે અવતરેલા. તેઓમાંના કોઈને સાંસારિક દુઃખો ભોગવવાના હતાં જ નહિ. તેઓએ જે કષ્ટો સહન કર્યા છે તે આપણને ધીરજ તથા હિંમત બક્ષવાજ ભોગવ્યા છે.

સ્વયં શ્રીસ્વામિનારાયણ ભગવાને અનેક વખત મંદવાડ ગ્રહણ કર્યો છે. જાળિયામાં શ્રીહરિએ મંડવાડ ગ્રહણ કર્યો ત્યારે તેર દિવસ સુધી અન્નજળ વિનાજ પસાર કરેલા. પંચાળામાં મંદવાડ ગ્રહણ કર્યો ત્યારે પણ અગિયાર દિવસ સુધી શ્રીહરિએ અનાજ પાણી લીધેલાં નહિ. ભગવાનના સાચા ભક્તને કાળ, કર્મ અને માયા કોઈપણ રીતે પીડવામાં સમર્થ નથી. શ્રીજીમહારાજે જેમને સત્સંગની "મા" નું બિરૂદ બક્ષ્યુ તેઓને પગમાં વાળો નીકળેલો તેની અસહ્ય પીડા થતી ! તેમને વર્ષોથી ક્ષયનો રોગ હતો. ત્રણે અવસ્થામાં ભગવાનની મૂર્તિ અખંડ નિરખનાર સ્વરૂપાનંદ સ્વામીને કોઢ નિકળેલો. સ્વામી ભાઈરામદાસજીને રક્તપિત્તનો રોગ હતો. અખંડાનંદ સ્વામીને લોહીખંડ પેટ બેસણું હતું. પરંતુ આટલી વેદના છતાં કોઈ સંતોએ શ્રીજી મહારાજ પાસે વેદના ટળી જાય તેવી માગણી ક્યારેય કરી નથી. આ બાબત સંતોનું નિષ્કામ પણું પ્રગટ કરે છે.

નિષ્કામી ભક્ત વિષે શ્રીજી મહારાજે અંત્ય.ના ૨૮માં વચનામૃતમાં કહ્યું છે કે, "જો ભગવાનનો ભક્ત હોયને તેને કોઈ કર્મ સંજોગે કરીને સૂળીએ ચઢાવ્યો હોય ને તે સમયમાં અમે પણ તેની સામે ઉભા હોઈએ પણ તે ભક્તના હૃદયમાં એમ ઘાટ ન થાય જે ભગવાન મને સૂળીના કષ્ટ થકી મૂકાવે તો ઠીક. એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ પણ ન થાય ને જે કષ્ટ પડે તે ભોગવીલે. એવો જે નિષ્કામી ભક્ત તેની ઉપર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે."

વળી મધ્યના ૨૮મા વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું છે, "જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું. અને હું તે ભગવાનના ભક્તની ભક્તિ કરૂં છું. આમ દેહના કોઈ પણ પ્રકારના સુખની ઈચ્છા વગર જે ભક્ત ભગવાની નિષ્કામ ભક્તિ કરે છે તેના પર ભગવાન ખૂબજ પ્રસન્ન થાય છે. શ્રીહરિના સમયમાં આવા નિષ્કામી અનેક ભક્તો હતા.

ગઢડાના કમળશી શેઠ અતિ ગરીબ હતા. પરંતુ એકાંતિક ભક્ત હતા. શ્રીજી મહારાજે અતિ રાજી થઈને તેમને વરદાન માગવા જણાવ્યું. કમળશીશેઠે પરમાત્માની પ્રેમ લક્ષણા ભક્તિ સાથે ગરીબી માંગી. શ્રીજી મહારાજે ગરીબી સિવાય કંઈ માગવા કહ્યું. પણ તેમણે કંઈજ ન માગ્યું. શ્રીજી મહારાજ તેમના પર અતિ પ્રસન્ન થયા. ગરીબીને કારણે કમળશી શેઠ ઉત્સવ સમૈયામાં ક્યાંય જઈ શકતા જ નહિ. પરંતુ આ એકાંતિક ભક્તને તથા તેમના પત્નિ જીવીબાઈને શ્રીજી મહારાજ વડતાલ સમૈયામાં લઈ ગયા. રસ્તામાં તેમજ સમૈયામાં તેઓની ખૂબ સંભાળ રાખી. તેઓ બન્ને જીવ્યા ત્યાં સુધી દાદા ખાચર પાસે તેમની ખબર રખાવી.

શ્રીજીમહારાજ એક વખત સચ્ચિદાનંદ સ્વામીની મદદે પધાર્યા - ઉનાળાનો સખત તાપ હતો. સ્વામી ઘેલાનદીના પથ્થર પર બેસી એક તારો વગાડી ભજનો ગાવા લાગ્યા. સતત ભજન ગાતાં ગાતાં તેમનો કંઠ સૂકાવા લાગ્યો. તે સમયે શ્રીહરિ અક્ષર ઓરડીમાં આરામ કરી રહેલા હતા. મૂળજી બ્રહ્મચારી સેવામાં હતા. વારે વારે શ્રીહરિ મૂળજી બ્રહ્મચારી પાસે પાણી માગતા રહ્યા હતા. કિન્તુ તરસ ન છીપે. મૂળજી બ્રહ્મચારીએ તેનું કારણ શ્રીજી મહારાજ ને પૂછ્યું - તો કહ્યું, "તમે ઘેલા નદીના કાંઠે ઠંડા પાણીનો ઘડો લઈ સચ્ચિદાનંદ સ્વામીને પાઓ તો મારી તરસ છીપે. પછી તેમને અહિં બોલાવી લાવો. મારા ભક્તની પીડા મારાથી સહન થતી નથી.

ગોઠીબના કડવા ભગત પણ શ્રીજી મહારાજના એકાંતિક ભક્ત હતા. તેમને અસહ્ય તાવ ચઢ્યો. શ્રીહરિનું શ્વાસે શ્વાસે સ્મરણ કરવા લાગ્યા.

શ્રીજી મહારાજ પધાર્યા અને તેમની છાતી પર પોતાનું ચરણ મુક્યું. ને બોલ્યા, "અરે, કડવા તને તો ખૂબજ તાવ છે. કડવા ભગત કહે, "મહારાજ, આતો ઓછો છે. હજુ વધારે આપજો.

હું આપશ્રીને પ્રાર્થના નહિં કરુ કે મારૂં દુઃખ ટાળો. હજુ વધુ દુઃખ આપીને મને ચોખ્ખો કરજો. જેથી માતાના ઉદરમાં જવું ન પડે." આ સાંભળી શ્રીહરિના નેત્રો ભીંજાઈ ગયા. તેમણે કડવા ભક્તના માથા પર હાથ ફેરવી રોગ ટાળી નાંખ્યો. હરિદાસ સ્વામીને વગર વાંકે વિમુખ કર્યા. તેમની શ્રીહરિએ કસોટી કરી ખાખીઓએ ચીપીયા ગરમ કરી તેમને ડામ દીધા ! ડામ પાક્યા પરૂ નીકળવા લાગ્યું. હરિદાસ સ્વામીએ દુઃખ મુક્તિ માટે પ્રાર્થના ન કરી ! આખરે શ્રીજી મહારાજ તેમના રૂધિર અને પરુ વાળા શરીરને ભેટ્યા ! તેમના શરીર પર હાથ ફેરવ્યો કે તરત જ ઘા રૂઝાઈ ગયા. સ્વામીને શાંતિ થઈ ગઈ.

શ્રીજીમહારાજને આવા નિષ્કામી ભક્ત, પ્રેમ લક્ષણા ભક્તિએ યુક્ત ભક્તો અત્યંત પસંદ છે. તેઓ સદાય કહે છે કે, "આવા પ્રેમાણ નિષ્કામી ભક્તોનો હું ભક્ત છું. આવા ભક્તોના સુખે સુખી અને તેમના દુઃખે દુઃખી થઉં છું. મારે એવો ભક્તો સાથે અતિશય એકતા છે. માતા જેમ બાળકની રક્ષા કરે છે. તેમ હું તેમની સતત સંભાળ રાખું છું."

અનંત કાળની ભવસાગરની ભટકણમાં ભમાવનાર માયા છે. આ માયામાંથી વૃત્તિ પાછી ખેંચી ભગવાનનું સવિશેષ સાચા ભાવે ભજન કરવાથી પ્રેમલક્ષણા યુક્ત ભક્તને શ્રીહરિ પોતાના દિવ્ય અક્ષરધામમાં પોતાના અખંડ સાંનિધ્યનું પરમ સુખ સદાકાળ આપતા રહે છે. શ્રીજી મહારાજ ભક્તોને શીખ પાઠવે છે કે,

સુખ દુઃખ આવે સર્વે ભેળું તેમાં
રાખજો સ્થિરમતિ
જાળવીશ મારા જનને વળી કરીશ
જતન અતિ

સત્સંગી હરિભક્તોને સેવાની તક

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્વહસ્તે સર્વ પ્રથમ સંસ્થાપિત ભગવાન શ્રીનરનારાયણદેવના અતિ દિવ્ય અને ભવ્યાતિભવ્ય આ મહામંદિર ગાદીના પીઠસ્થાન મંદિરમાં અનેકવિધ કાર્યો અવિરત થયા કરે છે. જેમાં શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે સૌ પોતાના મોક્ષના દાતા એવા ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવા માટે તન-મન-ધનથી સેવા કરે છે. તે ઉજ્જવલ પરંપરાને વરેલા સૌ ભક્તોને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી આપ સૌને જણાવતાં આનંદ થાય છે કે ભગવાન શ્રી નરનારાયણદેવના થાળ માટે રસોડું જ્યાં શુદ્ધ પવિત્રતા પૂર્વક શ્રીહરિને અર્પણ કરવા માટે વિવિધ પ્રકારના મિષ્ઠાંન્નો, પકવાનો, છપન્નભોગ બનાવવા માટેનું કાર્ય સમ્પન્ન થાય છે. તે રસોડાના મકાનનો તથા સદા શ્રીહરિની સેવા પરાયણ વર્તતા વર્ણિરાજો બ્રહ્મચારીઓનો આવાસ (નિવાસ)નું મકાન તથા સમૈયા ઉત્સવોમાં તથા નૂતનવર્ષના અન્નકૂટના ઉત્સવમાં જ્યાં છપ્પનભોગનું રસોડું થાય છે તે મકાન આ બધા મકાનોથી આવૃત્ત એવું રંગમહોલ આપણા ઈષ્ટદેવનું ધ્યેય મૂર્તિ સ્વરૂપ જ્યાં વિરાજમાન છે. તેના ચારો તરફ જીર્ણ શિર્ણ થઈ ગયેલા મકાનોનું જીર્ણોધ્ધાર અર્થાત્ પુનઃનિર્માણ કરવાની અતિ આવશ્યકતા જણાતાં આપણા સૌના લાડીલા ભાવિ આચાર્ય પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની સીધી દેખરેખ અને માર્ગદર્શન તથા તેઓશ્રીની ઈચ્છા પ્રમાણે કરવાનું વિચારેલ છે. અતિ મહત્ત્વના મહાન કાર્યોમાં શ્રીજી મહારાજને રાજી કરવા અને પોતાનો મોક્ષ રૂપ મહાન કાર્ય સાધવા તન-મન-ધનથી સેવા કરવા સમગ્ર સત્સંગ સમાજને આહવાન કરવામાં આવે છે. જેમાં પુનઃનિર્માણના બાંધકામમાં ભૂમિદાન સ્વરૂપે સેવા આપવાની ઈચ્છા હોય તેમણે "શ્રી સ્વામિનારાયણ મંદિર, કાળુપુર"ના નામે ચેક/ડ્રાફ્ટ/રકમ મોકલી સહભાગી થવા વિનંતી.

એકડા સાથે જોડવાથી જ મીંડાનું મૂલ્ય થાય છે

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, શુક મુનિ, વાસુદેવાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, આધારાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી અને અદ્‌ભુતાનંદ સ્વામી આદિક અતિ સમર્થ અને વિદ્વાન પરમહંસો કોનું નામ લખીએ અને કોનું ન લખીએ ! ૫૦૦ તો ફક્ત આગેવાન પરમહંસો ! એક એક સંતમાં કેટ કેટલી સામર્થી ! એક સંત એમ કહે કે વરસાદ વરસો તો વરસાદ વરસવાનું શરૂ થાય ! બીજા સંત એમ કહે, વરસાદ વરસવાનું બંધ રહો. તો વરસાદ વરસતો બંધ થાય ! કોઈ સંતના સંકલ્પથી મરેલું પશુ કે માણસ જીવતું થાય ? ગ્રહણની ગતિ બદલી જાય ! નિઃસંતાન દંપતી ને ત્યાં મોટી ઉંમરે પણ દીકરાનો જન્મ થાય ! હિંસક મનુષ્યો તો ઠીક, પરંતુ વાઘ જેવા હિંસક પશુઓ પણ અહિંસક બની જાય ! પાપના પહાડ જેવા મનુષ્યો ભક્તરાજ બની જાય ! સંતોમાં તે સમયે અને આજે પણ આ સામર્થી ક્યાંથી આવે છે ? સર્વાવતારી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસનાથી ! તે સમયે પ્રત્યક્ષ અને આજે મૂર્તિ સ્વરૂપે પ્રત્યક્ષ ! શ્રીજી મહારાજ પાવર હાઉસ છે. તે પાવર હાઉસમાં કેટલો પ્રકાશ, કેટલી શક્તિ-સામર્થી છે તે મનુષ્યની કલ્પનાની બહારની વસ્તુ છે ! તે ઉર્જા રૂપી મોટા પાવર હાઉસ સાથે જેનું જેટલું જોડાણ તેટલી સામર્થી, તેટલો પ્રકાશ તે સંત-હરિભક્તમાં દેખાય છે. પાવર કટ થાય એટલે ટ્યુબલાઈટ, લેમ્પ બધું બંધ, ટ્યુબલાઈટ કે લેમ્પ રૂપી સાધનની કોઈ કિંમત નહીં. કિંમત શક્તિના સ્તોત્રના મૂળની છે. તે સમયે માનરૂપી દોષથી બે-ચાર સંત-ભક્તો શ્રીજી મહારાજથી છૂટા પડ્યા તે નિસ્તેજ થઈ ગયા. શાસ્ત્રોમાં રઘુનાથદાસ, વાલબાઈ, હરબાઈ જેવાની વિમુખ તરીકે ગણના થાય છે. પાવર હાઉસ રૂપી એકડાથી જુદા પડતાની સાથે શૂન્ય થઈ ગયા ! જેઓ કાયમ માટે જોડાયેલા રહ્યા, તેની કિર્તી સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધી ગવાશે.

શ્રીજી મહારાજે સત્સંગમાં વહીવટી સરળતા માટે બે આચાર્યપદની સ્થાપના કરી. અમદાવાદ અને વડતાલ ધર્મદેવના વંશમાંથી જે ધર્મવંશી વ્યક્તિ પર શ્રીજી મહારાજની દ્રષ્ટિ ઠરે તે વ્યક્તિ આ પદ ઉપર રહી સત્સંગનો વિકાસ સાધે છે. શ્રીજી મહારાજે સ્થાપેલા આ પદની, આ ગાદીની મહત્તા છે. સ્વતંત્ર કોઈ વ્યક્તિની મહત્તા નથી. આ પદ પર બિરાજમાન આચાર્ય મહારાજશ્રીમાં શ્રીજી મહારાજનું તેજ આવે છે. આ બન્ને પીઠસ્થાને આચાર્યશ્રી તરીકે બિરાજમાન શ્રીજી મહારાજનું અપર સ્વરૂપ છે.

શ્રીજી મહારાજે સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીમાં મનુષ્ય માત્રના સામાન્ય ધર્મ તથા આચાર્ય, આચાર્ય પત્નિ, ગૃહસ્થ, સધવા, વિધવા, સાધુ, બ્રહ્મચારી, રાજા વગેરે દરેકના અલગ અલગ વિશેષ ધર્મ લખ્યા. શ્રીજી મહારાજે સ્થાપેલી આ મર્યાદામાં જે ચાલે તે વ્યક્તિ ઉપર શ્રીજી મહારાજની અમી દ્રષ્ટિ હર હંમેશ રહે. મર્યાદા બહાર વર્તે એટલે શ્રીજી મહારાજની દ્રષ્ટિમાંથી ખસી જાય. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ એકવાર કહેલું કે "અમો હોઈએ, સંતો હોય, કે હરિભક્તો હોય - શ્રીજી મહારાજે સ્થાપેલી મર્યાદામાં વર્તે તો મહત્તા રહે, નહીં તો પોતાના પદથી પડે." વાક્ય બહુ વિચારવા જેવું છે. આપણે મંદિરે નિત્ય નિયમમાં રોજ ગાઈએ છીએ કે "મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય, એમ મને જાણે જો રે, મારા આશ્રિત સૌ નરનારી." જેથી સર્વોપરિ શ્રીહરિની ઈચ્છા સંકલ્પથી જ સઘળું થાય છે. તેમાં કોઈનું કશું જ ચાલતું નથી.

ચિત્રકૂટ પર રામ અને ભરતજીનું દિવ્ય મિલન થયું, બન્ને ભાઈઓ પરસ્પર ભેટ્યાં, તેવી રીતે અમદાવાદ મંદિરના પ્રસાદીના સભા મંડપમાં શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા

શ્રીલક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રીરાકેશપ્રસાદજી મહારાજશ્રીનું દિવ્ય મિલન થયું. બન્ને પરસ્પર ભેટ્યાં. જેઓનું અંતઃકરણ નિર્મળ અને નિષ્પાપ હતું તેઓ આ દ્રશ્ય જોઈને હર્ષના આંસુ વાળા થયા.

ફરી વડતાલમાં ક્ષીલક્ષ્મીનારાયણ દેવના ૧૭૯માં પાટોત્સવ પ્રસંગે બન્ને ગાદીના આચાર્યશ્રીનું દિવ્ય મિલન થયું. વડતાલ ગાદીના આચાર્ય પ.પૂ.ધ.ધુ. શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીએ અમદાવાદ ગાદીના આચાર્ય વડીલ બંધુ પ.પૂ.ધ.ધુ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને ગુલાબના પુષ્પોના સુંદર હાર પહેરાવી અભિવાદન કર્યું. બન્ને આચાર્ય મહારાજશ્રીએ વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ સમક્ષ સત્સંગ પ્રચાર, એકતા, સત્સંગને એક કરવાની પ્રાર્થના કરી. આ પ્રાર્થના હરિકૃષ્ણ મહારાજે સાંભળી છે. સત્સંગનો સુવર્ણકાળ આવ્યો છે.

સત્સંગમાં હજુ પણ આવનાર વધુ સુવર્ણકાળને માણવો હોય. આલોકમાં સુખ લઈ અંતે અક્ષરધામમાં જવું હોય તો, પોતપોતાના દેશના વિદ્યમાન આચાર્યશ્રી સાથે જોડાઈને શ્રીજી મહારાજને રાજી કરી લેવા. સૂર્ય અને ચન્દ્રના તેજમાં તારારૂપી બનીને ટમટમીએ અને એ રીતે આકાશરૂપી સત્સંગની શોભામાં અભિવૃદ્ધિ કરીએ એજ શ્રીજી મહારાજના ચરણોમાં પ્રાર્થના !

આપણો બાપ કોણ ?

- અતુલભાઈ ભાનુપ્રસાદ પોથીવાલા (ન્યુયોર્ક)

બેસતા વરસનો દિવસ હતો. નાનકડો પાંચ વરસનો બાળક સુંદર મઝાના કપડા પહેરીને તૈયાર થયો. પિતા એની આંગળી પકડી પ્રથમ મંદિરે દર્શન કરવા લઈ ગયા. ત્યારબાદ એક પછી એક એમ કુટુંબના બધા વડીલો, સગાં વહાલાં ના ઘેર લઈ ગયા.

પહેલા મોટાં બાપાના ઘેર ગયા. પિતા કહે "બેટા ! આ તારા મોટા બાપા પગે લાગો." બાળક પગે લાગ્યો. મોટા બાપા એ બોણી આપી. પછી કાકા મોટા મામા, ફૂઆ, માસા એમ બધાને મળવા ગયા. પિતા ઓળખાણ કરાવે. બાળક પગ લાગે. બધા બોણી આપે. બાળકનું ગજવું તો બોણીના રૂપિયાથી ભરાઈ ગયું. પણ બાળકને રૂપિયાથી સંતોષ ના થયો.

ઘરે જેવાં આવ્યા કે પિતાની આંગળી છોડી બાળક તો સીધું માતાના ખોળામાં બેસીને રડવા લાગ્યું. માં પૂછે છે : "બેટા ! શું થયું ? કેમ રડે છે ?"

બાળક કહે : "મા, હું બધાના ઘરે ગયો, ભાભા, મોટા બાપા, મોટા મામા - બધાના ઘેર પણ આ બધામાં મારા બાપા ક્યા ?"

મા એ સમજાવ્યું : "બેટા ! તારી આંગળી પકડીને તને બધે ફરવા લઈ ગયા અને એ જ આંગળી પકડીને તને ઘરે લાવ્યા, એ જ તારા બાપા. એ જ તારા પિતા છે."

કંઈક બાળક જેવી દશા આપણે અનુભવીએ છીએ. આપણો બાપ કોણ ? આપણા પિતા કોણ ? તે ઓળખવું પડશે. જેણે આપણી આંગળી પકડી છે, મોક્ષનો માર્ગ બતાવ્યો છે, 'અંતકાળે પણ અમો તેડવા આવીશું' એવી બાંહેધરી આપી છે એ જ આપણા બાપ છે. શ્રીહરિ આપણા પિતા છે.

સત્સંગને સ્વીકાર્યો છે. શ્રી સહજાનંદ સ્વામીની શિક્ષાપત્રીનો નિત્યે પાઠ કરીએ છીએ. વચનામૃતનું પણ વાંચન કરીએ છીએ. પછી શ્રી સહજાનંદ સ્વામી શ્રી સ્વામિનારાયણ ભગવાન જ આપણા પિતા છે. એવી ઓળખ, એવી દૃઢતા કાયમ રાખવાની છે. એમાં રતિભાર પણ સંદેહ ચાલશે નહીં. સાચા થઈને મન અર્પણ કરવાનું છે. સ્હેજે કસર રાખવાની નથી. ને તો જ પિતા શ્રીહરિ આપણાથી દૂંકડા રહેશે. નહીં તો શ્રીજી મહારાજ કહે છે તેમ "અમારે ને તમારે કોઈ લેવા-દેવા નથી."

કોઈ આપણો મિત્ર હોય એના ઉપર સ્નેહ હોય પણ જો એમ જાણીએ કે એણે આપણા ભાઈને મારી નાંખ્યો છે. પછી એની સાથે મિત્રતા રહે ખરી ? ઉલટાનું એને મારવા દોડીએ. કવિએ સાચું જ કીધું છે -

કડવા હોય લીમડાં તોય શીતળ
એની છાંય
બાંધવ હોય અબોલડા તોય
પોતાની બાંય.

શ્રીહરિને પિતા માન્યા છે. પછી એમનું કે એમનાં સત્સંગનું ધસાતું જે બોલતાં હોય એની સાથે સંબંધ કેમ રાખી શકાય ?

પુત્ર જાણે છે કે એ મારા પિતા છે. મારી વાત જરૂરથી માનશે - મારી

માંગણી જરૂર પુરી કરશે. પિતા ઉપર, વિવેકી પુત્રને પૂરી શ્રદ્ધા, પુરો વિશ્વાસ અને અસીમ પ્રેમ હોય છે. સામે પિતા પણ અઢળક લાગણી પોતાના પુત્ર ઉપર દર્શાવે છે. એની સર્વે ઈચ્છાઓ પૂરી કરે છે.

અહીં અસીમ વિશ્વાસનો એક નાતો છે. પિતાની આજ્ઞા, આજ્ઞાકારી પુત્ર ક્યારેય ઉથામેં નહીં. અમુક ઉંમર સુધી તે ખૂબ નિશ્ચિંત હોય છે. પણ પછી ઉંમર વધવાની સાથે ભણતર તથા બીજી સંસાર વ્યવહારની જવાબદારીઓ સ્વયં નિભાવતો થાય છે. એટલે પિતા ઉપરનું દેખીતુ (Physical) અવલબંન જરૂર ઘટે છે પણ "આ જ મારા બાપ છે" એવી લાગણીમાં જીવન પર્યંત કશી જ ઓટ આવતી નથી. પિતા ઉપરનું પોતીકાપણું કાયમ બનેલું રહે છે. અને પ્રેમાળ પિતા પણ પોતાના લાડકવાયા પુત્ર ઉપર સ્નેહ ઓછો કરે નહીં.

અનંતકોટિ બ્રહ્માંડ જેના રોમ રોમમાં ઉડતા ફરે છે તેવા મહાન આપણા પિતા છે. વડવાનલ નો અગ્નિ, દીવા સ્વરૂપે આવીને આપણા દેવ ઘરમાં બિરાજી સત્સંગનો ઉજાસ ફેલાવી રહ્યો છે. આ તો હાથી આપણા કૂબે બંધાયો છે પણ "આજ મારા પિતા" એવી દૃઢતામાં કાંઈક કાચ્યપ હોવાથી જીવ દુર્બળ રહે છે.

શ્રી સહજાનંદસ્વામી જ આપણા ભગવાન, આપણા ઈષ્ટદેવ છે - આપણા પિતા છે. પછી એક સારા, સાચા, સમજુ અને આજ્ઞાકારી તથા વિવેકી એવા સત્સંગી તરીકે એમની આજ્ઞા ઉથાપીશું ખરા ? ક્યારેય નહીં.

પિતા શ્રીહરિએ બધું જ સરળ કરી ને આપ્યું છે. બાઈ, ભાઈ, ગૃહસ્થ, ત્યાગી સર્વે ને સંસાર વ્યવહારે અને સત્સંગ વ્યવહારે કેમ રહેવું એ સુંદર રીતે સમજાવ્યું છે. ક્યાંય કશું પૂછવા જવાની કે ખાખા ખોળા કરવાની જરૂર નથી. બધું જ હાથમાં છે. બસ, સાચા સંતાન-સાચા સત્સંગી તરીકે એમની આજ્ઞામાં રહેવું એટલું જ અનુસંધાન કેળવવાનું રહ્યું.

આપણા ઈષ્ટદેવ સર્વાવતારી સર્વોપરિ શ્રીસ્વામિનારાયણ ભગવાનની જીવન લીલાં નાં જે સત્શાસ્ત્રો છે એમાં જે જે વાર્તાઓ છે, વચનામૃત તથા શિક્ષાપત્રી એ અમૂલ્ય હરિગ્રંથો છે એમાં શબ્દોના મનઘટિત અર્થઘટન કરવાથી પિતા કાંઈ બદલાઈ જતા નથી.

શ્રીહરિ એમ કહે છે કે "તમારે આચાર્ય ને માનવા." બસ પછી એને વિષે કોઈ દાખલા-દલીલ કે બુદ્ધિનાં તર્ક દોડવવાનાં ના હોય. સંપ્રદાયની ગાદીના અધિપતિ તરીકે પૂ. આચાર્યશ્રી ને બહુધા માનવાના જ હોય, એમની આજ્ઞા અને રાજીપો પ્રાપ્ત કરવો એ સત્સંગીની ફરજ છે.

અને જયજયકાર તો એક ભગવાન સિવાય જગતમાં કોઈનોય કરવાની શ્રીહરિ ચોખ્ખી ના પાડે છે. હા, જગત વ્યવહારે તો નેતાઓનાં જયજયકાર રોજ થાય છે પણ એ જુદી વાત છે. જગત વ્યવહાર અને ભગત વ્યવહાર બંને તદ્દન જુદાં છે. "જગતનાં જીવ" અને "ભગવાનના ભક્ત" એમની વાર્તાઓ તો શ્રીહરિએ ઠેક ઠેકાણે કરી છે.

શ્રીહરિની સાથે પાંચસો પરમહંસો હતા. બધા જ એક એકથી ચડે એવા. સર્વ સામર્થીએ યુક્ત પણ શ્રીજી મહારાજ સન્મુખ દાસ બનીને રહેતા. ક્યારેય શ્રી મુક્તાનંદ સ્વામીનો જય, શ્રી બ્રહ્માનંદ સ્વામીનો જય, શ્રીગોપાળાનંદ સ્વામીનો જય એવું ક્યાંય સાંભળ્યું છે ?

શ્રીહરિ તથા એમના અપર સ્વરૂપ એવા શ્રી આચાર્ય - એ બંન્ને સ્વરૂપોની સાથે જ "મહારાજ"નું બિરૂદ શોભાયમાન લાગે છે. "શ્રીજી મહારાજ" અને પ.પૂ. "આચાર્ય મહારાજશ્રી" આ શબ્દો શ્રીહરિએ શ્રીમુખેથી આપ્યાં છે. એ સિવાય ગમે તેવા મોટા સત્પુરુષના નામની સાથે 'મહારાજ' શબ્દનું અનુસંધાન ક્યારેય યોગ્ય નથી.

"ભગવાન જેવા તો એક ભગવાન જ છે." (ગ.અં. ૩૯) "નારાયણ જેવા તો એક નારાયણ જ છે." અને એ ભગવાન તે ક્યા ? તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવાં શ્રીહરિ, શ્રી સહજાનંદ સ્વામી, શ્રી સ્વામિનારાયણ ભગવાન એ જ આપણા ઈષ્ટદેવ, એજ આપણા ભગવાન, એ જ આપણા બાપા, એ જ આપણા પિતા. બીજો કોઈ આપણો બાપ નહિ.

પરિવારમાં "આ મારો બાપ" એમ સમજ્યા પછી જગતમાં બીજા કોઈનેય પિતા માનીએ છીએ ખરાં ?

તો પછી શ્રીહરિ એ જ આપણા બાપ, એ જ આપણા પિતા અને શ્રીહરિની મૂળભૂત પ્રણાલિવાળો સત્સંગ એ જ આપણા બાપાની વાડી. એમાં જ હરીએ, ફરીએ, લીલાં લ્હેર કરીએ અને આઠો પ્હોર આનંદમાં કેમ ના રહીએ ?

હરાયા ઢોરની જેમ જ્યાં ત્યાં ચરવાથી તો ડફણાં જ મળશે તે નક્કી.

તમાકુની ભેટ : ભલભલાનાં મોં બંધ કરી દેતો રોગ – ઓરલ સબમ્યુકસ ફાઇબ્રોસીસ

ડૉ. પી. બી. પટેલ

ભારતનો ઇતિહાસ ખૂબ જ જૂનો છે. દેશ ખૂબ જ વિશાળ છે. અનેક પરદેશીઓ આ દેશમાં આવીને વસ્યા છે એટલે અપાર સાંસ્કૃતિક વિવિધતાઓ પણ જોવા મળે છે.

આ દેશના વાતાવરણમાં ઉત્તરમાં બારેમાસ પુષ્કળ ઠંડી રહે છે અને દક્ષિણમાં પુષ્કળ ગરમી, વિશ્વમાં સૌથી વધુ વરસાદ ભારતની પૂર્વમાં વરસે છે તો પશ્ચિમમાં વરસાદની હંમેશા ખેંચ રહે છે.

આ દેશમાં અનેક ધર્મો છે. દરેક ધર્મના અનેક પેટા ધર્મ છે. દરેક પેટા ધર્મની અનેક જાતિઓ છે અને દરેકે જાતીઓમાં નાંનાં નાનાં જૂથ છે. દરેકનો દેખાવ, પહેરવેશ, ભાષા અને રીતભાત જુદાં જુદાં છે. એક બાજુ ખૂબ જ સુખી માણસો પણ છે અને બીજી બાજુ બિલકુલ નિર્ધન માણસો પણ છે.

આટલી બધી વિવિધતા છતાં ભારતમાં એક વિશેષતા એવી છે જે સાર્વત્રીક છે અને એ છે પાન-મસાલાના ગલ્લા. દરેક ગામમાં, દરેક બસસ્ટેન્ડે, ચાલીઓ અને સોસાયટીના નાકે, રસ્તાઓ ઉપર, હોટલો અને રેસ્ટોરન્ટમાં, પેટ્રોલ પંપ ઉપર તમે ગમે ત્યાં જાઓ તમને એકાદો ગલ્લો ચોક્કસ જોવા મળશે અને દરેક ગલ્લા ઉપર બીજું કંઇ ન મળે કે ના મળે, પરંતુ તમાકુ અને પાન ચોક્કસ મળશે. દેશના ગમે તે સ્થળે જાઓ, ગમે તે સમયે જાઓ વહેલી સવારથી મોડી રાત સુધી એ ખુલ્લા જ હોય છે.

ઘરે હોય કે બહાર, જાણીતા સાથે કે અજાણ્યા સાથે તમાકુ ખાવાખવરાવવાનો વ્યવહાર સમાજમાં ખૂબ જ સાહજિક અને સામાન્ય છે. ધંધો કરતાં વેપારીઓ, ગપ્પાં મારતા મિત્રો, સગા-સંબંધીઓના સ્વાગતમાં કે પ્રવાસ-પિકનિકમાં બર્થડે કે રિસેપ્શન જેવાં સારા પ્રસંગે કે મૃત્યુ જેવા ખરાબ પ્રસંગે પણ તમાકુ, પાન-તમાકુ, એકદમ સ્વાભાવિક રીતે ખાવા-ખવરાવવામાં આવે છે.

તમાકુને લીધે હાથમાં પડેલો ડાઘ, ખરાબ દાંત, લાલ હોઠ અને ગાલ એ ભારતીય હવાના આધુનિક ચિન્હો છે. વાત કરતાં કરતાં હાથમાં તમાકુ મસળવી, હાથથી ટાપલી મારી બીજાને આપવી, ગાલ કે હોઠની નીચે મૂકી અને તમાકુ મોંમાં રાખીને વાતચીત કરવી, વચ્ચે વચ્ચે ઉભા થઈને તમાકુની પિચકારી મારવી, રસ્તામાં ગમે ત્યાં થૂંકવું એ જાણે આધુનિક યુવાનો અને સામાન્ય ભારતીયોનાં ઓળખચિન્હો થઈ ગયાં છે. એ એટલું બધું સ્વાભાવિક છે કે એ ન થાય તો આપણને અડવું અડવું લાગી શકે છે.

સીડીઓ, ગેલેરીઓ, લિફ્ટો, દીવાલો, સંડાસ અને મુતરડીમાં પડેલા ડાઘા આપણે ભારતમાં જ છીએ તેની ખાતરી આપે છે.

આપણી આ વિશેષતા દુનિયામાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ સિવાય અન્ય કોઈ દેશમાં જોવામાં આવતી નથી અને એટલે જ પરદેશ જઈએ ત્યારે અડવું અડવું લાગે છે. તેની ચોખ્ખાઈ થી અંજાઈ જઈએ છીએ અને અહીં આવી એનાં વખાણ કરતાં થાકતા નથી. સાથે સાથે વાતો કરતાં કરતાં થૂંકવાનું પણ ભૂલતા નથી.

આપણી આ રાષ્ટ્રીય વિશેષતાને કારણે આપણા દેશમાં એક નવા રાષ્ટ્રીય રોગનું નિર્માણ થઇ રહ્યું છે, જે વિશ્વમાં ક્યાંય નથી. જેનું નામ છે **ઓરલ સબમ્યુકસ ફાઇબ્રોસીસ.** આ રોગની અંદર મોં પૂરેપૂરું ખુલી શકતું નથી. ક્યારેક તો એવી ખરાબ સ્થિતિ આવે છે કે, બે દાંત વચ્ચેથી પાપડ પણ જઈ શકતો નથી.

આ અત્યંત દુઃખદાયક રોગ ખૂબ જ નાની ઉંમરે થાય છે, વળી એની કોઈ સારવાર એવી નથી કે જે પૂરેપૂરો મટાડી શકે. આ રોગની સાથે થતા અન્ય રોગો જેવા કે ઓછી લાગતી ભૂખ, વારંવાર મોંમા પડતાં ચાદાં, તીખો ખોરાક ન ખાઈ શકવો અને છેવટે કેન્સર થવું અને એવું થાય ત્યારે દર્દી રિબાઇ રિબાઇને નાની ઉંમરે મૃત્યુ પામે છે.

ફાયબ્રોસીસ થવાનાં કારણો :

(૧) આ રોગ થવાનું સૌથી મહત્ત્વનું કારણ પાન, સોપારી, તમાકુ અને ચૂનો છે. (જેને આપણે મોંમા ચાવવા માટે રાખીએ છીએ. એવા અનેક લોકો છે કે, જે સવારે જાગીને સૌથી પહેલું કામ તમાકુ ખાવાનું કરે છે અને સૂતી વખતે સૌથી છેલ્લું કામ પણ તમાકું ખાવાનું કરે છે. કેટલાક લોકો તો રાત્રે સૂતાં પણ તમાકું મોમાં રાખી ને સૂઈ જાય છે.)

(૨) લોહ તત્વની ખામી

(૩) મોંમાં વારંવાર થતો ચેપ

(૪) વિટામિન 'સી' ની ખામી

(૫) ઓટોઈમ્યુન રોગ (Autoemunity)

(૬) વારસાગત

ઓટોઈમ્યુન અને વારસાગત કારણોસર આ રોગ થતો ભાગ્યે જ જોવા મળે છે.

તમાકુ, પાન, સોપારી, ચૂનો વગેરે તત્ત્વો મોંમાં રાખવાથી જે જગ્યાએ રાખવામાં આવે ત્યાં નુકસાન કરે છે. એની સાથે સાથે લાળમાં જે રસ જાય છે એ મોં, ગળું, સ્વરપેટી, અન્નનળી, હોજરી, મગજ, હદય, લોહીની નળીઓ, પગ વગેરે જગ્યાઓએ પણ નુકસાન કરે છે.

બાકીના નુકસાનને ભૂલીને અત્યારે કેવળ મોંમાં થતા નુકસાનની જ વાત કરીએ :

તમાકુ, પાન, સોપારી અને ચૂનાના લીધે વારંવાર મોંમાં ચાંદાં પડી જાય છે. વળી, તીખા ખોરાક ખાવામાં તકલીફ પડે છે. ઘણી વખત તો ચાંદા એટલાં બધાં દુઃખતાં હોય છે કે, પ્રવાહી ખોરાક પણ લઈ શકાતો નથી.

ખોરાક યોગ્ય માત્રામાં ન લેવાય તે કારણે જ લોહતત્વ, વિટામિન અને અન્ય ખોરાકનાં તત્ત્વોની ખામીઓ આવે છે. સાથે સાથે રોગ પ્રતિકારક શક્તિ ઘટવાથી મોંમાં વારંવાર ચેપ ફેલાય છે. આમ ખરેખર તો આ રોગ થવાનું મુખ્ય કારણ ફક્ત એક જ રહે છે અને એ છે પાન, સોપારી, તમાકુ અને ચૂનો.

આજના ફેશનના યુગમાં સ્ત્રીઓ પુરુષ સમોવડી થવાનો પ્રયન્ત કરતી થઈ છે અને એટલે એ પણ તમાકુ લેતી થઈ છે, એથી હવે આ રોગ સ્ત્રીઓમાં પણ જોવા મળે છે.

તમાકુ, પાન, મસાલો, સોપારી અને ચૂનો લેનાર બધાને આ રોગ થાય જ છે. પણ મોટાભાગનાને ઓછી માત્રામાં થાય છે એટલે ખાસ ખ્યાલ આવતો નથી.

રોગનો વધુ શિકાર કોણ બને છે ?

જેમ નાની ઉંમરે તમાકુ લેવામાં આવે એમને આ રોગ થવાની માત્રા વધુ રહે છે. વળી, જે લોકો વારંવાર લે છે એમને પણ રોગ વધુ થવાની શક્યતા રહે છે. મસાલા ખાધા પછી જે મોં સાફ કરતા નથી તેમને પણ વધુ થાય છે.

કોને આ તકલીફ વધુ થશે અને કોને વધુ નહીં થાય એ કહેવું અશક્ય છે અને એટલે જ સૌથી શ્રેષ્ઠ રસ્તો એ છે કે એને થતું અટકાવવું.

ખબર કેવી રીતે પડે ?

માનો કે તમને વ્યસન છે અને તમારે જાણવું છે કે, તમને આ રોગની શરૂઆત થઈ છે કે નહીં તો કેવી રીતે જાણવું એ તમારો સૌથી પહેલો પ્રશ્ન હશે.

એ જાણવાના બહુ સાદા અને સરળ સસ્તા છે, જે તમે જાતે અપનાવી શકો છો.

સૌથી પહેલાં મોં પહોળું કરી તમારા મોંની અંદર તમારા હાથની ચાર આંગળીઓ ઉભી રાખી મોંમા નાખવા પ્રયત્ન કરો. જો આ ચાર આંગળીઓ થોડી તકલીફ સાથે પણ મોંમા જાય તો તમને આ રોગ નથી. પણ જો ત્રણ આંગળી જ જાય તો તમને આ રોગ થવાની શરૂઆત થઈ ગઈ છે એમ સમજવું. જો બે આંગળી જાય તો રોગ આગળ વધેલ છે અને એક જ આંગળી જાય તો રોગ ખૂબ જ આગળ વધેલ છે એમ માનવું અને એક પણ આંગળી ન જાય તો તમારી ભાવિ સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ શકે છે.

હવે તમારા ઘરમાં કોઈ બાળકના ગાલના અંદરના ભાગે આંગળી ફેરવો.એના ગાલમાં રહેલ લીસાપણું, પોચાપણું અને કોમળતા જુઓ. વળી, એ ગાલને ખેંચવાથી કેટલો ખેંચી શકાય છે એ જુઓ એનો રંગ પણ જુઓ.

હવે જો તમારા ગાલના અંદરના ભાગનું લીસાપણું, પોચાપણું કે કોમળતા ઓછી થાય તો તમને રોગની શરૂઆત થઈ છે એમ માની લો. આ ગુણધર્મો જેમ ઘટે એમ રોગની માત્રા

વધે છે.

તમારા ગાલની અંદર આંગળી મૂકીને ખેંચી જુઓ. જો ગાલ સહેલાઈથી ખેંચાય તો તમને કોઈ જ તકલીફ નથી. પણ ગાલ જેટલો ઓછો ખેંચાય એટલી વધુ તકલીફ એમ માનો અને જો ગાલ સહેલાઈથી ન ખેંચી શકાય તો વધુ તકલીફ છે એમ માનો.

તમને બરાબર ખબર ન પડે તો બાર-તેર વર્ષના બાળક ઉપર પ્રયોગ કરો. એને જેવું છે, એવું તમારે હોવું જોઈએ.

હવે હાથમાં નાનો અરીસો લઈ ઘરની બહાર જાઓ અને સારો પ્રકાશ આવતો હોય ત્યાં મોં ખોલી અરીસાની અંદર જુઓ. તમારા ગાલની અંદરની બાજુનો રંગ જુઓ. જો એ લાલ હોય તો એ બરાબર છે. પણ જો એ રંગ ઓછો હોય તો એ ખરાબ છે. એ જો સફેદ થઈ ગયો હોય તો ખૂબ જ ખરાબ કહેવાય.

રોગ થયા પહેલાં કેવી રીતે ખબર પડે ?

જો તમારુ વજન ઘટતું જતું હોય, ભૂખ ઓછી લાગતી હોય, કામ કરવામાં અશક્તિ લાગતી હોય, લોહીમાં હિમોગ્લોબીન ઓછું હોય તો તમને આ રોગ થવાની શક્યતા વધી જાય છે.

વળી જો સામાન્ય તીખું વધું પડતું તીખું લાગતું હોય અને મોંમા વારંવાર ચાંદાં પડી જતાં હોય તો તમને રોગ શરૂ થવાનાં પહેલાનાં ચિન્હો છે એવું માનીને ચાલો.

દાંતનો, પેઢાનો અને ગાલનો રંગ જે જગ્યાએ તમાકુ મૂકો છો ત્યાં બદલાયેલો હોય તો પણ ચેતવું વધારે સારું, ચેતતા નર સદા સુખી.

ઓરલ સબમ્યુક્સ ફાયબ્રોસીસ :

(ક) થવાની શક્યતાઓ વધે છે -

— નાની ઉંમરે તમાકુ, પાન, બીડી, સોપારી, ચૂનાનું વ્યસન હોય તો
— તમાકુ લાંબો વખત મોંમાં રાખવાની આદત હોય તો
— મોં સાફ ન કરતા હો તો
— અપૂરતું પોષણ મળતું હોય તો
— લોહતત્ત્વની ખામી હોય તો
— ઓછું વજન ધરાવતા હોય તો
— મોંમા વારંવાર ચેપ લાગતો હોય તો
— ભૂખ ઓછી લાગતી હોય તો
— મોંમાં વારંવાર ચાંદા પડતાં હોય તો
— સામાન્ય તીખું વધું તીખું લાગતું હોય તો
— દાંત, પેઢાં, હોઠ કે ગાલમાં તમાકુની જગ્યાએ ડાઘા જણાય તો

(ખ) ચિન્હો

— મોં ખોલવાની માત્રા - સીધી ચાર આંગળીથી ઓછી
— ગાલના અંદરના ભાગમાં ચળકાટ, પોચાપણું, લીસાપણું, નાજુકતામાં ઘટાડો
— ગાલના લાલ રંગમાં ફેરફાર
— ગાલ ખેંચી શકવાની માત્રામાં ઘટાડો ગાલના અંદરના ભાગમાં સફેદ રંગ

(ગ) તમે શું કરશો ?

તમને સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે, આમાંનું કોઈપણ ચિન્હ હોય તો મારે શું કરવું ?

— જો આપને જેનાથી થવાની શક્યતા વધુ છે એમાંનાં કોઈપણ ચિન્હો હોય તો
— તાત્કાલિક વ્યસન બંધ કરો.
— લીલાં શાકભાજી, ફળ-કઠોળ વધુ માત્રામાં લો.
— નિયમિત દરેક ખોરાક પછી બ્રશ કરો.
— જમવાના વચ્ચે કંઈપણ ના લેશો.

ખોરાકમાં કડક, તીખું, તળેલું, બહુ જ ગરમ અને બહુ જ ઠંડી વસ્તુઓનો ત્યાગ કરો.

આટલું કરવાથી મોટાભાગે તમને બધું જ મટી જશે પણ જો ન મટે તો તમારા ડોક્ટરને બતાવો.

જેમને સબમ્યુક્સ ફાઈબ્રોસીસનાં ચિન્હો છે તેમણે ઉપર બતાવેલી તમામ વસ્તુઓ તો કરવી જ જોઈએ. વધારામાં તાત્કાલિક તમારા ડોક્ટરને બતાવો. બને ત્યાં સુધી કેન્સર નિષ્ણાંત ડોક્ટરને બતાવો.

શરૂઆતના સ્ટેજમાં આ રોગ સારવારથી મટી શકે એવો છે અને પાછળના સ્ટેજમાં પણ સારવારથી ઘણી રાહત થાય છે. માટે નિરાશ થયા વગર તાત્કાલિક તમારા ડોક્ટરને બતાવો.

ખૂબ જ આગળ વધેલા રોગમાં સારવાર ખૂબ જ અઘરી છે અને એને માટે નિષ્ણાંત ડોક્ટરની જરૂર પડે છે. વળી, વારંવાર બતાવવા જવું પડે છે.

પણ રોગની સારવાર કરવી, પૈસા ખરચવા અને હેરાન થવું એના કરતાં વ્યસન બંધ કરવું શું ખોટું ?

તમે વ્યસન કરો છો ?

તો રાહ શું જોઇ રહ્યાં છો.

અત્યારે જ બંધ કરી દો.

(ઘ) થતું અટકાવવા શું કરવું ?

આજના ડોક્ટરો માટે આ પ્રશ્ન માથાના દુઃખાવારૂપ થઈ પડ્યો છે. ડોક્ટરને ત્યાં દર્દીઓ રોગની અજાણતાના લીધે મોડા આવે છે. જેમને રોગનો ખ્યાલ આવે છે એવા લોકોને એની ગંભીરતા હોતી નથી એટલે મોડા આવે છે અને પછી શરૂ થાય છે દુઃખ, મુશ્કેલીઓ અને પ્રશ્નો.

આ પ્રશ્નની શરૂઆત હાઈસ્કુલમાં અને કોલેજોમાં થાય છે. શિક્ષકો, પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ અત્યારે સાથે બેસીને તમાકુ ખાય છે. અરે શિક્ષકો વિદ્યાર્થીઓને જ તમાકુ લેવા મોકલે છે. આવા સમયમાં શું કરવું એ ખરેખર એક મોટો કોયડો છે.

યોગ્ય સાહિત્ય, ફોટોગ્રાફ, ઓડિયો વિજ્યુલ લેક્ચરથી આ વાતને વિદ્યાર્થી જગતમાં મૂકવામાં આવે તો પ્રશ્ન ઘણો જ સરળ થઈ જાય.

જો પાઠ્યપુસ્તકોમાં અભ્યાસક્રમ રૂપે આવા મહત્વના રોગોને આવરી લેવામાં આવે તો ભાવિ પેઢીની મોટી સેવા કરી ગણાશે. નકામી અને બિનજરૂરી ચીજો વિદ્યાર્થીઓને ગોખાવવી એના કરતાં ઉપયોગી વસ્તુઓ એમના જીવનમાં વણી લેવી ખૂબ જ મહત્વની વસ્તુ છે.

બાળકોના નાજુક મનની અંદર આ જીવલેણ કુટેવ ઘર કરી જાય, ધીરે ધીરે એમને ઉંદરની જેમ કોરી ખાય અને છેવટે એક ઘરને ઉડા અંધારામાં ફેંકી દે એ પહેલાં એને અટકાવવું જ જોઈએ.

આ કામ શાળાના શિક્ષકોનું છે, આચાર્યનું છે, પ્રોફેસરનું છે, શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાંતોનુ છે. સમાજ સેવકોનું છે, પાઠ્યપુસ્તકમાં અભ્યાસક્રમ નક્કી કરનારનું છે, શિક્ષણમંત્રીનું છે, સરકારનું છે, તમારું છે, મારું છે, આપણા બધાનું છે.

પણ એવું તો નહીં થાય કે, "સૌનું કામ એ કોઈનું નહી"

(ચ) કોણ આગળ આવશે ?

ભલે બીજા કોઈ આગળ ન આવે તમે જરૂરથી આગળ આવો. તમારા માટે, તમારા આત્મસંતોષ માટે, તમારા જીવનની સફળતા માટે આ સર્વોત્તમ તક છે એને ઝડપી લો.

(છ) ક્યારથી કામ શરૂ કરશો ?

આજના જેવી શુભ ઘડી કોઈ નથી, આજથી જ શરૂ કરો, અત્યારથી જ શરૂ કરો. "શુભસ્ય શીઘ્રમ.' સારા કામમાં ઢીલ કેવી ?

("મન સાગર"માંથી સાભાર)

માતૃઋણ

- સ્વામી શ્રીરંગદાસજી (મહંત સિધ્ધપુર)

વાચક મિત્રો ! મનુષ્યના માથે ઋણ છે. માતૃઋણ, પિતૃઋણ, ગુરુઋણ, દેવઋણ વગેરે.

માતાએ આપણને જન્મ આપ્યો. ભીના-સૂકા રૂપી અનેક કષ્ટો વેઠી મોટા કર્યા. માતાનો ઉપકાર ભૂલી શકાય તેમ નથી. દરેક મનુષ્ય માતાનો ઋણી છે. માતાનું ઋણ માનવી ૧૦૦ જન્મે પણ ચુકવી શકતો નથી. તેમ શ્રીકૃષ્ણ ભગવાને પોતાના માતા દેવકીને જેલમાં કહ્યું હતું. ઘનશ્યામ મહારાજે પોતાના માતા ભક્તિમાતાની ખૂબજ સેવા કરીને આપણને અદ્‌ભૂત દાખલો બેસાડ્યો છે.

આપણા પિતૃઓ જે હયાત્ નથી તેમના જીવનો ઉદ્ધાર કરવો તે આપણી ફરજ છે.

માતાનું શ્રાદ્ધ ગુજરાતમાં સિધ્ધપુરમાં થાય છે. પ્રથમ દશમું, અગીયારમું, શ્રાધ્ધ કરવામાં આવે છે. બે વરસ પુરા થયા બાદ સિધ્ધપુરમાં શ્રાધ્ધ કરવું જોઈએ. દરેક મનુષ્યના મૃત્યુ બાદ બે વરસ પછી તેને શ્રાધ્ધમાં ભેળવવામાં આવે છે. જેથી તેમની ઉત્તર ક્રિયા શાસ્ત્ર મુજબ કરાવવાથી તેમના આત્માનો ઉદ્ધાર થાય છે.

પિતાએ દેહનું પોષણ કર્યું. આપણને ભણાવ્યા. તેમનું પણ આપણા પર અનેક ઘણું ઋણ છે.

ગુરુએ આપણને જ્ઞાન આપ્યું. સારા સંસ્કારનું સિંચન કર્યું. તેમનું પણ આપણા ઉપર મોટું ઋણ છે.

ભગવાને આપણને મનુષ્ય અવતાર આપ્યો. તે પ્રકાશ, જળ અને અનાજ આપે છે. તેમના ઋણનો મનુષ્યના જીવનમાં પાર નથી. જેથી શ્રીહરિએ સ્વયં લખેલ શિક્ષાપત્રી પ્રમાણે વર્તીને તેમની આજ્ઞા પ્રમાણે દેવને ધર્માદો આદિક ધાર્મિક પ્રવૃત્તિ કરીને કંઈક અંશે તો ઋણમાંથી મુક્ત થવાય.

રક્ષન્તિ પુન્યાનિ પુરા કૃતાનિ ।

પ્રાચીન કાળમાં સરસ્વતી નદીના કિનારે કર્દમ પ્રજાપતિએ હજારો વર્ષ તપ કર્યું હતું. ભગવાન અંતરીક્ષમાં આવ્યા. કર્દમ નું તપ જોઈને તેમની આંખમાંથી આંસુ ટપકી પડ્યા ! તેનું બિન્દુ સરોવર થયું.

ભગવાને કર્દમને તપમાંથી જગાડ્યા. કર્દમે ભગવાનની સ્તુતિ પ્રાર્થના કરી. ત્યારબાદ ભગવાને કર્દમને કહ્યું કે હે કર્દમ હવે તપશ્ચર્યા પૂર્ણ કરો. હવે તમે ગૃહસ્થાશ્રમ કરો. આજથી ત્રીજે દિવસે મનુરાજા અને શતરૂપા રાણી પોતાની કન્યા દેવહુતિને લઈને તમારી પાસે આવશે. તેનો તમે સ્વીકાર કરજો.

ત્રીજા દિવસે મનુરાજા અને શતરૂપા રાણી પોતાની દિકરી દેવહુતીને લઈને કર્દમ ઋષિના આશ્રમે આવ્યા. કર્દમે તેમનો સત્કાર કર્યો. મારી પાસે આ ઝુંપડી છે. તમારી દિકરી થકી મને પુત્ર પ્રાપ્ત થશે ત્યાર બાદ વૈરાગ્ય ધારણ કરી વનમાં જઈશ. આ મારી શરત છે. દેવહુતીએ શરત મંજુર રાખી. મનુ અને શતરૂપા રાણીએ પોતાની દિકરીને ઘણું ધન વગેરે આપ્યું. ત્યારબાદ પોતાના નગરમાં ગયા.

ત્યારબાદ સમય જતાં દેવહુતીએ એક પછી એક નવ કન્યાને જન્મ આપ્યો. સૌથી મોટા અનશોયા માતા હતા. તે અત્રિઋષિને આપ્યા. તેમને દત્ત દુર્વાસા અને ચંદ્રમાં થયા. નવે કન્યાઓ મોટી થતા ઋષિઓને આપી. ઋષિઓએ તેમના થકી પ્રજા ઉત્પન્ન કરી. આ જગત ભરાઈ ગયુ.

સમય જતાં કપીલ ભગવાનનો જન્મ થયો. ૨૪ અવતારમાં તેમનું નામ આવે છે. આ અવતાર ગુજરાતમાં થયો હતો. કર્દમે તેમના જાત કર્માદિ સંસ્કાર કર્યા. આઠમાં વર્ષે યજ્ઞોપવિત આપ્યું. ત્યાર બાદ કર્દમ વનમાં ગયા.

કપીલ ભગવાને માતા દેવહુતીની સેવા કરી ને સાંખ્ય શાસ્ત્રનો ઉપદેશ આપ્યો. તેમની સદ્‌ગતિ કરી. પછી શ્રાધ્ધ વિધિ કર્યો. દેવહુતી સિધ્ધ ગતિને પામ્યા. તેથી આ સરસ્વતી તીર્થનું નામ સિદ્ધપદમ્ પડ્યું. સમય જતાં સિધ્ધપુર નામ થયું.

આ તીર્થ પ્રાચીન છે. માતાના અવસાન બાદ ૨ વર્ષ પછી શ્રાધ્ધમાં ભેળવ્યા પછી માતાનું શ્રાધ્ધ આ સરસ્વતી નદીના તટ પર કરવાનું શાસ્ત્રમાં સુંદર માહાત્મ્ય બતાવ્યું છે. માતાને સદ્‌ગતિ આપવી તે દરેક પુત્રની ફરજ છે. પુ નામના નર્કથી પિતૃનો ઉદ્ધાર કરે તેને પુત્ર કહેવાય.

અત્રે સિધ્ધપુરમાં રણછોડભાઈ નામના નિષ્ઠાવાન હરિભક્તે પોતાનું મોટું મકાન આદિ આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજને મંદિર બનાવવા અર્પણ કર્યું. જેમાં સંવત ૧૯૨૧ જેઠસુદ-૧૧ના શુભ દિને શ્રીધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજની પ.પૂ.ધ.ધુ. આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પોતાના શુભ કરકમળથી પ્રતિષ્ઠા કરી હતી.

જે વ્યક્તિ માતાનું શ્રાદ્ધ કરતા નથી તે આધિવ્યાધિ થી પીડાયા કરે છે. કુટુંબમાં કલેશ થાય, આર્થિક મુશ્કેલી વધે, અસાધ્ય રોગ થાય, આમ અનેક ઉપાધિ થાય. માટે દરેક મનુષ્યે માતાનું શ્રાધ્ધ શક્તિ મુજબ જરૂર કરવું. ઈતિહાસ કહે છે શ્રીકૃષ્ણ ભગવાને નરસિંહ મહેતાના પિતાનું શ્રાદ્ધ કર્યું હતું.

વિ.સં. ૧૮૬૫માં સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણ સિધ્ધપુરમાં પધાર્યા હતા અને સરસ્વતી નદીમાં ૫૦૦ પરમહંસો સહિત સ્નાન કરીને અનેક લીલા ચરિત્ર કરી આ તીર્થને દિવ્ય બનાવ્યું છે.

બ્રાહ્મણોને દાન અપાવ્યા હતા. સત્સંગી હરિભક્તો પાસે નાતના મોટા વાસણો અપાવ્યા હતા. અને સિધ્ધપુર તીર્થનો મહિમા કહ્યો હતો. અહીં વિધિ કરાવનારે તીર્થમાં મુંડન કરાવવું જોઈએ. બ્રહ્મ ભોજન કરાવવું જોઈએ. બ્રાહ્મણોને દાન આપવું જોઈએ. અને તીર્થમાં ક્રોધ ન કરવો. વગેરે તીર્થના નિયમોનું પાલન કરી ભગવદ્ ભક્તિથી તીર્થનું માહાત્મય સમજીને અહીં કરેલી સર્વે ક્રિયાનું ફળ ઉત્તમ મળે છે. શ્રધ્ધા વગર કોઈ પણ તીર્થમાં ફળ મળતું નથી. માટે શ્રધ્ધા ભક્તિથી દરેક ક્રિયા ફળદાયી નીવડે છે.

અપાર શક્તિ સદ્‌ગુરુ સંતની

- વિનોદ એસ. ચૌધરી (નડિયાદ-ખેડા)

વ્હાલા ભક્તજનો ! આ સૃષ્ટિમાં મેઘ, પવન, અગ્નિ, પર્વત અને સમુદ્ર. જેવી અનેક અમોઘ શક્તિઓ જોવા મળે છે. પરંતુ જ્યારે જોરદાર પવન ફૂંકાય ત્યારે અડગ એવા હિમાલયને પણ મચક આપવી પડે છે. દશો દિશ ભભૂકી ઉઠેલા અગ્નિના જ્વાળાની માથે બારેયે મેઘ ખાંગા થાય તો અગ્નિદેવને પણ મચક આપવી પડે છે. મતલબ કે સૃષ્ટિની દરેક શક્તિઓ મર્યાદિત છે. પરંતુ અમર્યાદિત શક્તિ જો હોય તો તે છે, 'સંત શક્તિ'

જુઓ, અગત્સ્ય નામના સંત આચમન માત્રામાં જ સમુદ્રનું પાન કરી ગયા. ખુદ વરુણદેવ પણ આ અમાપ શક્તિ જોઈ દિગ્મુઢ બની ગયા. અરે ! કાળ, કર્મ અને માયાનો પણ જેની ઉપર હુકમ નથી ચાલતો એવી અમાપ શક્તિ છે. સંતની ! બીજી બધી જ શક્તિઓમાં હદ છે. જ્યારે હદ વિનાની શક્તિ છે સંતની ! એટલે જ તો કોઈએ કહ્યું છે ને....

દુહા

"હદમેં ચલે સો ઓલિયા,
બેહદ ચલે સો પીર,
હદ બેહદ દોનું ચલે,
ઉસકા નામ ફકીર."

આ અમાપ શક્તિ ખૂદ ભગવાને સંતને આપી છે. માટે તેનામાં આ ગુણો, પ્રતાપ ભગવાનનો છે. સંતો કેવળ પ્રભુની મરજીમાં જ વર્તે છે. જેથી ભગવાને તેને આધિન રહી તેમની દરેક ક્રિયામાં ભેગા મળે છે. એવા જ અજોડ સંત સદ. મુક્તાનંદ સ્વામી હતા. જેમનો એક પ્રસંગ આપણે અહીં જોઈએ.

એકવાર ભગવાન સ્વામિનારાયણ સત્સંગ વિચરણ કરતા કરતા ઘમાસણા ગામમાં પધાર્યા અને એક પટેલને ત્યાં બે દિવસ રોકાયા. પટેલે ખૂબ જ ભાવપૂર્વક સેવા કરી. જ્યારે મહારાજ ચાલવા તૈયાર થયા, ત્યારે પટેલે કહ્યું કે, મહારાજ મેં તમને ઉતારો આપ્યો. જમાડ્યા અને હવે તમે મને કાંઈ નહી આપો ? પટેલ સ્વભાવે ખૂબજ આકરા હતા. પરંતુ ભાવ સાચો હતો. એટલે મહારાજે કહ્યું 'બોલો, તમારે શું જોઈએ છે ? જે માગો તે આપું,' મહારાજ મારે બીજું કંઈ નથી જોઈતું, પણ મારે તો સાધુ થાવું છે. 'બસ મને સાધુ કરો ! મહારાજ કહે, પટેલ એમ સાધુ ન થવાય,' તમારા સગાં-સંબંધી વિરોધ કરે તો અમારે કેટલા કંકાસમાં અને કલેશમાં જોડાવું પડે, ઉપાધિનો કોઈ પાર ન રહે ! માટે સગા વહાલાની રજા લઈ આવો. અરે મહારાજ ! એ સગાં-વ્હાલાંને હું પહોંચી વળીશ. એ જવાબદારી મારી. દીકરો મારો કોઈ આડો આવે તો ખરો ? બહું જોરદાર વાત કરી. મહારાજ કહે, પટેલ તમે તો સાધુ થઈ ગયા પછી શું ? સાધુ થયો એટલે શું થઈ ગયું ? જો આવે તો ખબર પાડી દઉં. સાધુ થઈ ગયો એટલે મારે એને કંઈ કહેવાનું નહીં ? શું એની સાથે બોલવાનું પણ નહીં ? પટેલનો કોધાવેશ જોઈને મહારાજે સંતોને પૂછ્યું, 'શું કરીશું ?' આને સાધુ કરીશું ? સંતો કહે, મહારાજ આતો બહુ જ આકરો છે. કાલ સવારે ઉઠીને અમારી જોડે ઝગડે. ચાલ ઉપાડ પથારી, ચાલ દબાવ મારા પગ, હું પણ સાધુ છું તો પછી શું કરવું ? ઘણીવાર તકલીફ એવી થાય કે માથું મુંડાવાની સાથે જ એને મોટા સંતોની સાથે પણ એમ થઈ જાય છે કે, તમે સાધુ છો એમ હવે હું પણ સાધુ છું. પણ ભાઈ ! ગુણે કરી બંનેમાં જમીન આસમાનને ફરક છે. આકાશમાં ફરતા બધા ગ્રહો સરખા નથી. ગગનગામી તારલાઓમાં પણ પ્રકાશ સરખો નથી. પરંતુ મોહથી આચ્છાદિત થયેલા અજ્ઞાની માનવને એ ક્યાંથી ખબર હોય ?

શ્રીહરિ કહે, સંતો ! બોલો આનું શું કરીશું ? આ પટેલ તો ક્રોધી અને હઠીલા છે. જો સાધુ થવાની ના પાડીશું તો તે અમારો પીછો પકડશે, સંતો કહે, મહારાજ આને થોડુંક પૂછો તો ખરા ! શ્રીજી મહારાજ કહે, પટેલ તમને સાધુ કરીએ પણ મૌન પાળી શકશો ? પટેલ કહે કેમ મેં કંઈ ગુન્હો કર્યો છે તે ન બોલું ? મહારાજ કહે, બોલજો પણ ધૂન-કીર્તન, બીજું નહિ. ત્યારે પટેલ કહે મહારાજ આ બધા સાધુ તો વાતો કરે છે અને મને એકલાને જ કેમ ના પાડો છો ? ત્યારે મહારાજ કહે એ બધા તો સત્સંગની વાતો કરે છે. પટેલે કહ્યું, 'તો હું પણ એ સંતોની જેમ સત્સંગની વાતો કરીશ.

અનુ. પેઈજ નં. ૨૪૫૨

સત્સંગ બાલવાટિકા
સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

જીવનનું સરવૈયું ક્યારે કરીશું ?

– શાસ્ત્રી હ. જી. સ્વામી (ગાંધીનગર)

સો માળનો ફ્લેટ શું એની શોભા ! આભને આંબતી એની ઉંચાઈ ! ડિઝાઈન પણ એવી સુંદર કે લોકો. જોતા થાકે ? ફ્લેટમાં હજારો કુટુંબ નિવાસ કરે, ઉપર જવા આવવા માટે ચાર-ચારે લિફટો ગોઠવેલી. આખો દિવસ માણસોની સતત ચડ-ઉતર ફ્લેટમાં થયા કરતી. તોતીંગ ફ્લેટ જે નગરીમાં આવેલો હતો તેનું નામ માયાનગરી હતું.

માણસોથી અખંડ ધમધમતા આ ફ્લેટમાં એકવાર બે મિત્રો આવ્યા ફ્લેટનો માલિક પોતાના મિત્રને પોતાનું ઘર બતાવવા લાવ્યો હતો. પરંતુ તેમના દુર્ભાગ્યે આજે લિફ્ટ બંધ હતી. તપાસ કરતા ખબર પડી કે ફ્લેટની ચારેચાર લિફ્ટો બગડેલી હતી ! હવે શું કરશું ? બન્ને મિત્રો મુંઝાયા. સો માળનો ફ્લેટ અને એંસીમાં માળે તેમનું સુંદર નિવાસ હતું ! કેમ પહોંચશું ? વળી બંનેના હાથમાં પોતપોતાના મોટા થેલા હતા ! અરેરે ! આ સામાન લઈને ઉપર કેમ પહોંચાશે ?

ધીરે ધીરે દાદરા ચડીશું તો આપણે છેક નિવાસ સુધી પહોંચી જઈશું. બંને મિત્રો સામાન લઈને પગથિયાં ચડવા લાગ્યા. વીસમા માળે પહોંચતા પહોંચતા બંને થાકીને લોથ થઈ ગયા. દાદરા ઉપર જ બેસી ગયા. હવે શું કરશું ? મારી ઉપર જવાની હવે શ્રદ્ધા રહી નથી. યજમાન મિત્રે કહ્યું. પરંતુ ઉપર પહોંચવું તો જોઈશે જ ને ? તને વજન લાગતું હોય તો આપણે સામાન બધો ૨૦મા માળે મૂકીને આગળ વધીશું. એ આઈડીયા બરાબર છે. ચાલો તો એમજ કરો. બીજા મિત્રે સંમતિ બતાવી. ૨૦મા માળે સામાન મૂકીને બંને જણ મંડ્યા દાદરા ચડવા. ૪૦મા માળે પહોંચતા પહોંચતા આંખે અંધારા આવી ગયા !

બીજા મિત્રથી રહેવાયું નહી, અરે દોસ્ત ! તું ક્યાં મને અહીં લઈ આવ્યો ? મારાતો ટાંટીયા રહી ગયા છે. હવે મારે ઉપર નથી આવવું. યજમાન મિત્રે કહ્યું અરે ! તું જરા મારુ માન, હવે અડધેતો આવી ગયા છીએ. ઉપર જઈને આપણે જલશાજ કરવાના છે ને ? ત્યાં તારો બધો જ થાક ઉતરી જશે. માંડ માંડ તેને સમજાવીને ચાલવા તૈયાર કર્યો. લડતા ઝઘડતા બન્ને મિત્રો ૬૦ મા માળે પહોંચ્યા પણ હવે તો પગ પણ કામ આપતા ન હોતા. બોલવામાં હાંફ ચઢતો હતો. શ્વાસ ઘમણની જેમ ચાલતો હતો. બન્નેએ થોડો વિસામો ખાધો. યજમાન મિત્રે પેલાને આશ્વાસન આપીને ફરીથી દાદરા ચઢાવ્યા. બન્ને મિત્રો એકબીજાનો હાથ પકડીને માંડ માંડ આખરે ૮૦મા માળે આવી ગયા. પોતાના ઘરના દરવાજા આગળ આવી ઉભા ત્યાં જ ઘરના માલિકને ફાળ પડી અને બોલી જવાયું. અલ્યા ઘરની ચાવી ક્યાં ? ખીસ્સા ફંફોળ્યા. પછી કહે અરે મિત્ર ચાવી તો નીચે ૨૦માં માળે બેગમાં જ રહી ગઈ ! હવે શું ! ! ! બંને મિત્રો આંખો પહોળી કરીને એકબીજા સામે જોઈ રહ્યા. જાણે કે જીંદગીની હિમાલય જેવડી ભૂલ નો પસ્તાવો ન કરી રહ્યા હોય ?

સજ્જનો ! ખૂબ સમજ્યા જેવી આ વાત છે. આ જગત માયા નગરી છે. એમાં સો માળના ફ્લેટો આવેલા છે. એટલે કે સો વર્ષની આયુષ્ય ! પરંતુ માણસ ફ્લેટની ચાવી વીસમા માળે મૂકીને જીવનયાત્રા માંડે છે. અર્થાત્ વીસ વર્ષની ઉંમરે યુવાનીના તાલે તે જીવનનો ધ્યેય ચુકીને ફક્ત મોજ માણવામાં ડૂબી જાય છે. જીવનયાત્રા બહુ લાંબી છે. તેથી થાકીને લોથ થઈ જાય છે. જ્યારે તે ૮૦મા માળ પહોંચે છે, અર્થાત્ જીવનલીલાની સમાપ્તિના ૮૦મા વર્ષે તેને યાદ આવે છે કે ચાવી ક્યાં ? હવે શું ! એ કઈ ચાવી ? ઘરની નહિ પણ મોક્ષમાર્ગની. પણ હવે પસ્તાવા સિવાય કાંઈ બાકી રહેતું નથી. જિંદગી માત્ર આમોદ-પ્રમોદમાં પૂરી થતાં તે હતો ત્યાંનો ત્યાં જ રહે છે. માટે જ શ્રીજી મહારાજ કહે છે કે વર્ષો વર્ષનો સરવાળો વિચાર્યા કરવો. નવા વર્ષમાં પોતાના જીવનનું સરવૈયું કે સરવાળો વિચારવા જેવો નથી લાગતો ?

યુવાનીમાં મોત ?

– શાસ્ત્રી હ. જી. સ્વામી (ગાંધીનગર)

જર્મનમાં વ્હીટેલીઅસ નામે રાજા થઈ ગયો. ભરયુવાનીમાં તેમના પર રાજ્ય ચલાવવાનો બોજો આવી પડેલો. પણ તે ખૂબ બાહોશીથી રાજ્ય ચલાવતો. પ્રજાને અન્ન-પાણી કે કોઈ પણ જાતની વ્યવસ્થામાં તે ખામી ન આવવા દેતો. તેથી તેનું શાસન વખણાયું. પ્રજામાં તે લોકપ્રિય થઈ પડ્યો. રાજ્ય ઉપર કે મંત્રીઓ ઉપર તેનો પૂરો અંકુશ હતો. પરંતુ.... તેને એક વસ્તુ ઉપર અંકુશ નહોતો એટલે તે જિંદગી હારી ગયો.

તે જિંદગી હારી ગયો તેનું એકે માત્ર કારણ હતું તેની જીભ, જીભ ઉપર તેને જરાય અંકુશ નહિ. જો વસ્તુ સ્વાદિષ્ટ બની હોય તો પતી ગયું. ખાવામાં જરાય પ્રમાણભાન જાળવતો નહિ. અકરાંતિયો થઈને ખાવા ઉપર તૂટી પડતો. આટલું બધું પચશે કે નહિ ? કે આ ખાવાથી શરીરને કેવું નુકશાન થશે એવી ચિંતા કદીયે તેણે કરી નહોતી. બસ, સ્વાદિષ્ટ વાનગીઓનો તે ગુલામ હતો. તેનો આ શોખ દિવસે દિવસે વધતો જતો હતો. ખાવાની સારી વસ્તુ ગમે તે હોય, પણ પેટમાં પધરાવીને જ જપતો, ટૂંકમાં તે ખાવાનો ગાંડો શોખીન હતો.

રાજપરિવારમાં ખાવાની શી ખોટ હોય ! તેનો રસોયો પણ રસોઈકળામાં ખૂબ નિપૂણ હતો. દરરોજ મનગમતું, સ્વાદિષ્ટ ભોજન બનાવીને રાજાને જમાડે. પણ રાજાને જુદાં જુદાં દેશની વાનગીઓ જમવાની તલપ લાગી હતી. હોંશિયાર રસોયો દુનિયાભરની વાનગીઓ બનાવે. વિશ્વની નવી નવી વાનગીઓ દરરોજ રાજાની થાળીમાં પીરસાય. છતાં સારું સારું ને નવું નવું ખાવાની તેની ઝંઘના વધતી જ જતી હતી. તેને હંમેશા અસંતોષ રહ્યા કરતો કે હું બરાબર ખાઈ શકતો નથી. ખાવા માટે આ પેટ નાનું પડે છે. જો પેટ જલ્દી ભરાતું ન હોત તો કેવું સારું ! જો પેટ થોડું મોટું હોત તો કેવી મજા આવે ! થોડું વધારે જમાયને !

બસ, વધુને વધુ ખાવાનું ભૂત તેના પર સવાર થઈ ગયું. તેણે પોતાના રાજવૈદ્યને બોલાવ્યા. વૈદ્યરાજ, કોઈ એવું ઓષધ છે કે જે લેવાથી ઈચ્છામુજબ ખાઈ શકાય ? રાજવૈદ્ય મુંછમાં હસ્યો. પછી કહે, રાજાજી, ઈચ્છામુજબ વધુમાં વધુ ખાવા માટે ઔષધ શું હોય ! તમે વિચારો કે ખાદ્યવસ્તુ પરાઈ છે જ્યારે પેટ પરાયું નથી. એ તમારું પોતાનું છે. માટે સમજી-વિચારીને જમીએ એમાં જ સુખ છે. રાજાએ વિનંતી કરી કે ગમે તે ઉપાય કરો પણ વધુ ખાવાનો રસ્તો બતાવો. વૈદ્યે વિચારીને કહ્યું, એક ઉપાય છે. તમે મનગમતી વસ્તુ પેટ ઠાંસીને જમો. પછી આ દવા લેજો. તમને વમન (ઉલ્ટી) થશે. એટલે પેટ ખાલી થઈ જશે. એટલે ફરીથી જમજો. ફરી દવા લઈને વમન કરજો. તમારી ઈચ્છા થાય ત્યાં સુધી આ ક્રમ ચાલુ રાખજો. જેથી વધુ ખાવની તમારી ઈચ્છા સંતોષાશે.

આ ઉપાય રાજાને અનુકુળ આવી ગયો. જમવા બેસે ત્યારે થાળી પાસે એક વમનનું પાત્ર મૂકી રાખે. સ્વાદિષ્ટ જમે ને વમન કરે. બસ, આવું તો રોજ ચાલ્યું. કહેવત છે ને કે "રોગે ભોગ ભયમ્" જેટલા ઝાઝા ભોગ એટલા વધુ રોગ. આવા કુત્રિમ ભોગ અને અશાસ્ત્રીય આહાર વિહારથી રાજા યુવાનીમાં જ રોગને હવાલે થયો અને યુવાનીમાં જ રીબાઈ રીબાઈને મર્યો.

સજ્જનો ! જોયું,ને શાસન ઉપર અંકુશ હોય પરંતુ જીભ ઉપર અંકુશ ન રાખે તો તેની દશા કેવી ભૂંડી થાય છે ! વધુ પડતા ખાવા-પીવાના શોખીન લોકો ગમે તે તેવો બજારૂ આહાર પેટમાં પધરાવીને શરીર તો બગાડે છે. સાથે સાથે મન પણ બગાડે છે. કેમ કે જેવું અન્ન, તેવું મન. આજે પણ આ જર્મન રાજાની બ્રાન્ડના લોકો સમાજમાં જીવે છે. તેમના માટે આ વાત લાલબત્તી સમાન છે. યાદ રાખો, આપણે ખાવા માટે જીવતા નથી, પરંતુ જીવવા માટે ખાઈએ છીએ. આટલું યાદ રાખશો તો ઘરના પવિત્ર અને પ્રસાદીરૂપ ભોજનથી તમને તૃપ્તિ થઈ જશે. બજારના અપવિત્ર, વાસી અને દૂષિત આહાર ખાવાની ઈચ્છા જ નહિ થાય.

મોટાની વાતો મોટી

– શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)

ઘુંટણીયે ચાલતા શીખેલા એક બાળકે એક વખતે પોતાની છાયા જોઈ. તેને તે અજબ ચીજ જણાઈ. પોતે હાલે એટલે છાયા પણ હાલવા લાગે. પછી બાળકે પડછાયાનું માથું પકડવા મહેનત કરવા માંડી. જેમ તે પડછાયાને માથાને પકડવા આગળ ચાલે, તેમ તે

દૂર થતું જાય. આવી રીતે ઘણા સમય સુધી બાળકે મહેનત કરી પણ માથું હાથમાં ન આવ્યું. बालानां रोदनं बलम् એ કહેવત પ્રમાણે તેણે રડવું શરૂ કર્યું. તે ઘુંટણભેર ચાલતા પડી જતું, તો છાયા પણ પડી જતી. આ બધું તેની માતા જોઈ રહી હતી. તે દોડી આવી અને બાળકનો હાથ પકડી બાળકના માથા ઉપર મૂક્યો એટલે બાળક જે માથું પકડવા મથતો હતો તે સહેજ વારમાં પકડાઈ ગયું. બાળક રાજી થઈ હસવા ખેલવા લાગ્યો. એ રીતે અજ્ઞાની મનુષ્યો બાળકની માફક છાયાને પકડવા દોડે છે, પણ હાથમાં કંઈ ન આવતા રડે છે અને દુઃખી થાય છે. છાયાને છોડો તેનું મૂળ પકડો તો છાયા પકડાશે. વિચારોનું મુળ પકડો તો વિચારો ઉપર કાબુ આવશે.

મોટા માણસ કેવા હોય ?

ગ્રીષ્મઋતુની સાંજને વખતે એક રાજા પોતાના નોકર સાથે બાગમાં ફરવા ગયા હતા. ત્યાં એક આંબા નીચે કુવારા પાસે ખુલ્લું માથું કરીને એક બાકડા ઉપર બેઠા હતાં. બાગને ફરતો કિલ્લો હોવાથી બહારના માણસો અંદરનું કંઈ જોઈ શકતા નહી. હવે એવું બન્યું કે રસ્તા પર કેટલાક મુસાફર ત્યાંથી જતા હતા. તેઓ આખા દિવસના ભૂખ્યા હતા. આંબા ઉપર કેરીઓ જોઈ તે ખાવાની મરજી થઈ, તેથી આંબા પર એક પથ્થર ફેંક્યો. બે કેરીઓ નીચે પડી તો ખરી પણ બહારથી ફેંકેલો પેલો પથ્થર અંદર બેઠેલા રાજાને વાગ્યો. સિપાઈઓ જલ્દી બહાર ગયા અને પેલા માણસોને પકડીને રાજા સમક્ષ ખડા કર્યા. રાજાએ પેલા વટેમાર્ગુઓને પૂછ્યું : "તમે પથ્થર શા માટે ફેંક્યો ?" તેઓએ કહ્યું : "અમે ગરીબ માણસો છીએ, અમારૂં ગામ અહીંથી દૂર છે. ભૂખ લાગી હતી એટલે આ કેરીઓ જોઈ પથ્થર ફેંક્યો. અમે શત્રુતાથી કંઈ કર્યું નથી." રાજા બહુ ભલો હતો તેથી બોલ્યા : "તમને કેટલી કેટલી કેરીઓ મળી ?" વટેમાર્ગુઓએ કહ્યું : "બે કેરી." એટલે રાજા બોલ્યો : "અરે ! એક પથ્થર મારવાથી જડ વૃક્ષે તમને બે કેરીઓ આપી, તો હું ચૈતન્યવાળો તમને કેમ કંઈ ન આપું ?" એમ કહી પેલા મુસાફરોને ભોજન કરાવ્યું અને વાટખર્ચના બીજા રૂપીયા આપી વિદાય કર્યા.

ચંદનને ઘસવા છતાં સુગંધ આપે છે. શેરડીને પીલવા છતાં મીઠો રસ આપે છે. તેમ સદ્‌ગુણી માણસો સહન કરીને પણ બીજાને સુખ આપે છે.

અપાર શક્તિ સદ્‌ગુરુ સંતની

મહારાજ કહે, ઠીક, તો આવો સાધુ કરીએ. પણ આના ગુરુ તરીકે નામ કોનું રાખીશું ? મહારાજ જ્યારે જ્યારે કોઈ મુમુક્ષુને દીક્ષા આપતા ત્યારે ગુરુ તરીકે શ્રેષ્ઠ સંતનું નામ રાખતાં. આજે પણ એ રીત ચાલી આવે છે. પણ આ ક્રોધી સાધુના ગુરુ કોણ થાય ? એ જટિલ સમસ્યા ઉભી થઈ, મહારાજે ફરી કહ્યું, સંતો આના ગુરુ કોણ થાશો ? ઘણીવાર થઈ છતાં કોઈ બોલ્યું નહીં. એટલે મહારાજે કહ્યું, મુક્તાનંદ સ્વામી તમે આના ગુરુ થાવ. શ્રીહરિની આજ્ઞા સ્વામીએ ચઢાવી ઉભા થઈ કહ્યું, ભલે મહારાજ ! હું એનો ગુરુ થઈ એને નિર્માની કરી દઈશ. મુક્તાનંદ સ્વામીમાં આ ગુણ અતિ ઉત્તમ હતા કે પોતાના ઈષ્ટદેવ સામે કદી પણ દલીલ કરવી નહીં. પછી મહારાજે પટેલને ત્યાં જ દીક્ષા આપી શ્રી ગુરુચરણરતાનંદ સ્વામી નામ પાડ્યું. અને તેમને મુક્તાનંદ સ્વામીને સોંપ્યા. મુક્તાનંદ સ્વામીએ પણ કમાલ કરી. તેને ધીમે ધીમે જ્ઞાન દઈ, વાણીની વાત્સલ્યતાથી બિલકુલ નિર્માની કરી દીધા ! ક્રુર સ્વભાવવાળાને સાવ સરળ બનાવી દેવા એ કાંઈ આપણે ધારીએ એટલું સહેલું નથી. એ તો મુક્તાનંદ સ્વામી જ કરી શકે. એટલે જ સ્વામીએ પોતે જ કહ્યું છે ને.....

"ક્રોધ ન કરવો રે, હરિજન ઉપર રે,
વચન સુણી, નવ બાંધવું વેર રે,
સમજી વિચારી રે, વચન મુખે બોલીએ રે,
સંત સમાગમ રે, શુદ્ધ થઈ કીજીએ રે."

આમ, સદ્. મુક્તાનંદ સ્વામીની વાણીમાં કાંઈ અદ્‌ભૂત મીઠાશ હતી સ્વામીની વાણી ક્રોધીને નિષ્ક્રોધી બનાવી દે. રોગીને નિરોગી, માની ને નિર્માની, કામીને નિષ્કામી અને સ્વાદીને નિઃસ્વાદી કરી દે ! અરે, કોઈને ભગવાનના ચરિત્રમાં મનુષ્યભાવ આવી ગયો હોય તો પણ તે સહજમાં જ ટાળી નાખે ! "ભક્તો ! આવા સંત હતા સદ્. મુક્તાનંદ સ્વામી !" અને આજે પણ એવા મહાન સંતો પૃથ્વી ઉપર છે કે જેની વાણી સાંભળતાં લાખોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. સર્વે સદા આનંદી બનીને જીવન જીવે છે તે આપણા અહોભાગ્ય છે.

સત્સંગ સમાચાર

અમદાવાદ મંદિર અને દરેક શિખરબધ્ધ મંદિરોમાં પવિત્ર ધનુર્માસમાં હરિસ્મરણની હેલી

ધનુર્માસ આવવાની સૌ કોઈ સંત-હરિભક્તને એક પ્રકારની ઈંતેજારી રહે છે. કારણ કે આ માસમાં આધ્યાત્મિક બેલેન્સનું જમા પાસું વધારવા કડકડતી ઠંડીમાં જ્યાં અન્ય લોકો ધસઘસાટ નસકોરા તાણીને મીઠી નિંદર તાણતા હોય ત્યારે આપણા દરેક શિખરબધ્ધ અને હરિ મંદિરોમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્યની સંગીતના સુમધુર તાલ સાથે રમઝટ બોલાતી હોય ને તેમાં બેસીને તાળીના તાલે શ્રીહરિ સ્મરણ કરવાનું જેના નસીબમાં આવે તેના ભાગ્યનો પાર ન રહે !

સર્વોપરિ શ્રીજી મહારાજે સ્વયં બાથમાં લઈ પધરાવેલા સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં પ્રસાદીના સભા મંડપમાં શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્યમહારાજશ્રીઅને પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં હજારો સંત-હરિભક્તો અને હવેલીમાં લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રી અને લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. પ.પૂ. વહુજી મહારાજની શુભ નિશ્રામાં હજારો બાઈઓ મહામંત્ર ધૂન્યમાં બેસીને લાભ લેતા હોય છે. ત્યારે ખરેખર તે સમયની દિવ્યતા એટલી સૌમ્ય અને સોહામણી લાગતી હોય છે કે બસ બેસીને લાભ લીધા જ કરીએ ! માસિક ધૂન્ય પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સમસ્ત ધર્મકુળ પરિવાર અને સંતોની પણ અનેક ધૂન્ય સાથે હરિભક્તોએ પણ ૫૦૦ ઉપરાંત ધૂન્ય કરાવીને અલૌકિક લાભ લીધો હતો. દૈનિક ધૂન્ય કરાવનારનો પણ પાર ન હતો. ધુન મંડળની વ્યવસ્થામાં કો. બ્રહ્મવિહારી સ્વામી, રાજેન્દ્રપ્રસાદ સ્વામી તથા રાધારમણ સ્વામીએ ખૂબ ઉત્સાહપૂર્વક જહેમત ઉઠાવી હતી ! ખરેખર ધનુર્માસમાં આખો માસ ધૂન્ય માં બેસીને જેમણે લાભ લીધો છે તેમનું એક વરસનું ભજનનું બેલેન્સ વધી ગયું છે. અને જેઓ ચૂકી ગયા તેઓએ આગામી ષષ્ટિ પૂર્તિ મહોત્સવમાં અખંડ ધૂન્યમાં બેસીને ખાતુ સરભર કરી શકશો.

(શા. સત્યપ્રકાશદાસજી)

નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર કાનપુર (ઉત્તરપ્રદેશ)માં શિલાન્યાસ વિધિ

ઉત્તર પ્રદેશના સૌથી મોટા સીટી કાનપુરમાં સત્સંગીઓ દર રવિવારે ભેગા મળીને સત્સંગ સભાનું આયોજન કરે છે. પ.ભ. રાજેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વારંવાર ઉત્સવ સમૈયાનું આયોજન થાય છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રી અવાર નવાર અત્રે પધારીને હરિભક્તોને દર્શનનું સુખ આપીને સત્સંગને વધુને વધુ પોષણ આપી રહ્યા છે, જેથી અહીં સત્સંગનો સુંદર વિકાસ થયેલો જોવા મળે છે.

અયોધ્યા, છપૈયા, કાશી, પ્રયાગ તરફ જતા યાત્રાળુઓને વિશ્રાંતિ માટે અત્રે વ્યવસ્થાની ખૂબજ જરૂરીયાત હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી પૂજ્ય પી.પી. સ્વામી કાનપુરમાં સત્સંગ પ્રચાર માટે ગયા હતા. અને ત્યાંનો સત્સંગ અને સૌની મંદિર માટેની ઝંખના જોઈને પી.પી. સ્વામીએ મંદિર બનાવવાની પ્રસ્તાવના મુકી અને શ્રીહરિની કૃપા અને પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી ત્યાંના પ.ભ. રાજેન્દ્રભાઈ પટેલે સભામાં જ પ્રત્યુત્તર આપ્યો કે મંદિર બનાવવું હોય તો ને.હા. નં.-૨ પર આવેલી એક એકર અમારી ભૂમિ કૃષ્ણાર્પણ કરું છું.

રૂપિયા પચીસ લાખની કિંમતની જગ્યાની વાત પાંચ મીનીટમાં પૂર્ણ થઈ.

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ફોન પર આશીર્વાદ સહ આજ્ઞા આપી. અને ત્યારબાદ થોડા જ દિવસમાં પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ભૂમિનું નિરિક્ષણ અને પ્લાનીંગ માટે કાનપુર પધાર્યા.

પુણ્યશાળી ભૂમિમાં નૂતન મંદિર-ધર્મશાળા નિર્માણ માટે છપૈયા મંદિરના મહંત બ્ર. સ્વા. વાસુદેવાનંદજીને આજ્ઞા કરી. મહંત સ્વામીએ ટુંકા ગાળામાં તૈયારીઓ કરીને જમીનના ટાઈટલ ક્લીયર પ્લાનીંગ એપ્રુવુલ વગેરેની કાર્યવાહી પૂર્ણ થતા તા. ૭-૧૨-૨૦૦૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ હસ્તે ધામધુમથી શિલાન્યાસ વિધિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો.

આ પ્રસંગે કાનપુર શહેરના માનનીય મેયરશ્રી તથા V.H.P.ના ખજાનચી રામનાથ મહેન્દ્રજી તથા કિશાનનગર વિસ્તારની આજુબાજુના ગામડાઓના સત્તર ગામોના સરપંચશ્રીઓ તથા આશરે ૧૦૦૦ થી વધુ ધર્મપ્રેમીજનો હરિભક્તો તથા કાનપુર શહેરમાં વસતા ગુજરાતી સમાજના વિવિધ આગેવાનો ગૌરવ સાથે ઉપસ્થિત રહ્યા હતા. શિલાન્યાસ વિધિ કાર્યક્રમનો પ્રચાર મિડીયા પ્રેસ-પત્રકાર પરિષદ દ્વારા કરવામાં આવ્યો હતો. ભારતના મુખ્ય દશ શહેરમાં સ્થાન ધરાવતા કાનપુર સીટીમાં શ્રી સ્વામિનારાયણ મંદિરના નિર્માણથી સૌને અતિ આનંદ સાથે પ્રસન્નતા અનુભવતા હતા. આયોજન વ્યવસ્થા મહંત બ્ર.સ્વા. વાસુદેવાનંદજીએ કરી હતી. (છપૈયા) આ પ્રસંગે અમદાવાદથી કોઠારી આનંદ સ્વામી (કાંકરિયા) જેતલપુરથી પૂજ્ય પી.પી. સ્વામી, પ્રયાગથી નારાયણસ્વરૂપ સ્વામી, મથુરાના મહંત અખિલેશ્વરદાસજી, વી.પી. સ્વામી (ધરિયાવદ) અને શા.હરિપ્રકાશ સ્વામી મૂળીથી પધાર્યા હતા.

મંદિર-ધર્મશાળા નિર્માણ કરવા પૂ. મહંત બ્ર.સ્વામી વાસુદેવાનંદજીના શિષ્યો. બ્ર. સ્વા. કૃષ્ણાસ્વરૂપાનંદજી તથા બ્ર.શા. હરિસ્વરૂપાનંદજીને કાનપુર મંદિરના મહંત તરીકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ નિયુક્ત કર્યા છે.

(કે. પી. સ્વામી જેતલપુર મહંત)

નારણપુરા મંદિરમાં તુલસી વિવાહ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં અત્રે નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા તા. ૯-૧૧-૨૦૦૩ના રોજ આપણી Terf સ્કુલના મેદાનમાં તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાણીપ મંદિરથી ભવ્ય શોભાયાત્રા પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ સાંનિધ્યમાં સંત-હરિભક્તોના વિશાળ કાફલા સાથે

ધામધુમથી નારણપુરા પહોંચી હતી.

તુલસી વિવાહમાં કૃષ્ણપક્ષના યજમાન પ.ભ. રાવજીભાઈ વિરજીભાઈ પટેલ પરિવાર અને કન્યા પક્ષના યજમાન ગં.સ્વ. હિરાબેન અંબાલાલ પટેલ, પ.ભ. ઘનશ્યામભાઈ અંબાલાલ પટેલ (મોખાસણવાળા) રહ્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ તુલસી વિવાહની આરતી ઉતારી હતી.

આ પ્રસંગે અમદાવાદમંદિરના મહંત શા.સ્વામી નિર્ગુણદાસજી, નારણપુરાના મહંત શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજી, નારણઘાટના મહંત શા.ઘનશ્યામ સ્વામી અને પ.ભ. જયંતીભાઈ પટેલ (નેશનલ ટાંકીવાળા) એમ સૌએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવમાં સૌને તન-મન અને ધન થી સેવા કરવા હાકલ કરી હતી. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આ ઉત્સવ ઉજવવા માટે પોતાનો શુભ દિવ્ય સંકલ્પ 'પ્રસાદીનું સંગ્રહસ્થાન'નું નિર્માણ કરાવીને સૌને એકજ સ્થળે સર્વોપરિ શ્રીહરિના દિવ્ય લીલાનું દર્શન થાય તેવું આયોજન આ ઉત્સવ અંગેનું છે. તેમ કહી સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા. *(કનુભાઈ પટેલ)*

ગાંધીનગર સેક્ટર-૨૩ના આપણા મંદિરનો રજત જયંતી મહોત્સવ ધામધુમથી ઉજવાયો

પરમકૃપાળુ ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી અને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અન આશીર્વાદથી આપણા સંપ્રદાયનું ગૌરવવંતુ મંદિર ગુજરાત રાજ્યના પાટનગર ગાંધીનગરમાં સૌ પ્રથમ બન્યું. એમાં વિ.સં. ૨૦૩૫ વૈશાખ સુદ-૪, તા. ૩૦-૪-૧૯૭૯ના શુભદિને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા ધામધુમથી સંપન્ન થઈ હતી. શ્રી સ્વામિનારાયણ ભગવાન બિરાજ્યા તેને આ વર્ષે ૨૫ વર્ષ પુરા થાય છે.

મંદિરના રજત જયંતી મહોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ની આજ્ઞા - આશીર્વાદથી તથા શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણાથી પાંચ દિવસના સુંદર કાર્યક્રમનું આયોજન થયું. આ પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજાયા જેમાં ત્રણ દિવસ સુધી વિનામુલ્યે આરોગ્ય કેમ્પ ચામડીના રોગ, બ્લડ ગ્રૂપ ચેક, હૃદયરોગ ચિકિત્સા, દંત ચિકિત્સા, સર્વરોગ નિદાન, બાળરોગ ચિકિત્સા કેમ્પોનું આયોજન કર્યું હતું. જેમાં આશરે એકાદ હજાર દર્દીઓએ લાભ લીધો હતો. અને સૌને મફત દવા પણ આપવામાં આવી હતી.

દરરોજ સાંજે સત્સંગ ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીએ દરરોજ સત્સંગબળ પ્રેરક જીવન ઘડતરના વિવિધ પ્રસંગો ઉપર સુંદર પ્રેરણાદાયી કથા સંભળાવી હતી. જે સાંભળીને શ્રોતાઓ ધન્ય બન્યા હતા. ઉપરાંત સર્વ મંગલ હોમાત્મક મહાપૂજા યજ્ઞનું સુંદર આયોજન કરાયું હતું. જેમાં સેંકડો હરિભક્તોએ ભાગ લીધો હતો. દરરોજ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં "કુલદીપક" "વિનાશનું વાવેતર એટલે વ્યસન" વગેરે રૂપકો તથા ફક્ત બહેનો માટેનો ખાસ કાર્યક્રમ "સંસારમાં સ્વર્ગ" નું પણ આયોજન થયું હતું.

તા. ૨૮-૧૨-૨૦૦૩ના કાર્યક્રમના સમાપન પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આગમનથી અનેરો આનંદ છવાઈ ગયો હતો. પૂ. મહારાજશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારી હતી. ત્યાર બાદ શાસ્ત્રપૂજન કરી સભામાં બિરાજ્યા. ગાંધીનગર સત્સંગ સમાજના આગેવાનોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ટિ પૂર્તિ વર્ષ નિમિત્તે ૬૦ જ્યોતની આરતીથી પ.પૂ. મહારાજશ્રીનું પૂજન કર્યું હતું.

ત્યારબાદ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીએ લખેલ "શ્રીમદ્ ભાગવત કથાસાર" પુસ્તકનું પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિમોચન થયું હતું.

પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, જેતલપુરના શાસ્ત્રી પી.પી. સ્વામી, શાસ્ત્રી કેશવપ્રસાદદાસજી, શાસ્ત્રી હરિજીવનદાસજી, સગુ. રઘુવીર સ્વામી, અમદાવાદ મંદિરના કથાકાર સંત ઘનશ્યામચરણ સ્વામી વગેરે સંતોએ ઉદ્બોધન કર્યું હતું. સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પ્રસન્ન ચિત્તે આશીર્વાદ આપતા કહેલું કે "શ્રી નરનારાયણદેવની છત્રછાયામાં શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી દ્વારા જે પ્રવૃત્તિ થાય છે તે રાત-દિવસ ચાલુ રહે" તથા મંદિરના મહોત્સવ પ્રસંગે છપાયેલી આમંત્રણ પત્રિકાની પ્રશંસા કરતા કહેલું કે "દરેકે પ્રેરણા લેવા જેવી આ પત્રિકા છે." શાસ્ત્રી હરિસ્વામીએ સભાસંચાલન કર્યું હતું.

આ પ્રસંગે સંતો અને હજારો હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. મહોત્સવના મુખ્ય યજમાન શ્રી લક્ષ્મણભાઈ નારણદાસ પટેલ હતા. રાજકિય પ્રવૃતિથી ધમધમતા આ શહેરમાં પૂ. મહારાજશ્રીના આગમન અને આશીર્વાદ શ્રવણથી તથા મહોત્સવના વિવિધ કાર્યક્રમોનો લાભ લઈને ભક્તિનું, સત્સંગનું અને આનંદનું એક મોજુ ફરી વળ્યું હતું. આ મહોત્સવના કાર્યક્રમોની સ્થાનિક અખબારોએ વિસ્તૃત નોંધ લીધી હતી. છેલ્લે ભગવાનનો પ્રસાદ લઈને અમીનાં ઓડકાર સાથે સહુ છૂટા પડ્યા હતાં.

દિવ્ય તીર્થધામ જેતલપુર મંદિરમાં ધનુર્માસ ધૂન્ય મહોત્સવ

સર્વોપરિ શ્રીહરિના દિવ્ય ચરણોથી જેની રજેરજમાં અલૌકિક પ્રતાપ રહેલો છે. આવા મહાન તીર્થમાં સર્વોપરિ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના શુભ સાંનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા મહંત સ.ગુ. કે.પી. સ્વામીની પ્રેરણાથી સંત-મંડળ અને જેતલપુર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને અક્ષરમહોલ વાડી સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થી સંતો અને બ્રાહ્મણ બટુકો સૌએ સાથે મળી દિવ્ય સભા મંડપમાં પ્રાતઃકાળમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય સંગીતના તાલ સાથે સુંદર રાગોમાં ગાય

ત્યારે આજુબાજુના સમગ્ર વાતાવરણમાં દિવ્યતા પ્રસરી જાય છે. ગ્રામજનો અને આજુબાજુના ગામોના હરિભક્તો પણ ધૂન્યમાં લાભ લેવા આવે છે. જેતલપુર ગુરુકુળના વિદ્યાર્થીઓ પણ રજાના દિવસે ધૂન્યમાં લાભ લેવા આવે છે. આમ અત્રે મંદિરમાં ધનુર્માસમાં શ્રીહરિનામ સ્મરણમાં લાભ લઈ ભક્તજનો ધન્ય બની રહ્યા છે.

(પૂજારી વ્રજવલ્લભદાસ)

ષષ્ટિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં ઈડર દેશના લાલોડા ગામમાં જ્ઞાન યજ્ઞ

સર્વોપરિ શ્રીહરિની પ્રસન્નાર્થે અને તેમના જ અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ટિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે ઈડર દેશના લાલોડા શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ તેમના સંત-મંડળના સહકારથી અને ગામના હરિભક્તોને કથાનો દિવ્ય લાભ મળે તેવા હેતુથી તા. ૬-૧૨-૦૩ થી તા. ૧૨-૧૨-૦૩ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણનું આયોજન કર્યું હતું. સ.ગુ. શા.સ્વા. હરિજીવનદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર)ના વકતા પદે ધામધુમથી સંપન્ન થઈ હતી. સહિંતા પાઠના વકતા શા.સ્વા. છપૈયાપ્રસાદદાસજી રહ્યા હતા.

પ.ભ. જેઠાભાઈના નિવાસ સ્થાનેથી પોથીયાત્રા વાજતે ગાજતે કથા મંડપમાં આવી હતી.

તા. ૧૨-૧૨-૦૩ પૂર્ણાહુતિના દિવસે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ગામમાં પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ખૂબજ ઉમળકા ભેર સ્વાગત સામૈયુ કર્યું હતું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને કથા મંડપમાં પારાયણની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. પૂ. ઘનશ્યામજીવનદાસજી સ્વામીએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું ફુલહારથી સ્વાગત પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ સેવા ભાવી સંત-હરિભક્તોનું સન્માન કરી. પૂ. મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગે પધારેલા અમદાવાદ મંદિરના પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર), પૂ. પી.પી. સ્વામી (જેતલપુર) આદિ વિદ્વાન સંતોએ પ્રેરણાત્મક ઉદ્‌બોધન કરી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવની રૂપરેખા સમજાવી હતી.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા મહંત સ્વામી ઘનશ્યામજીવનદાસજી અને તેમના શિષ્ય સ્વામી મોહનપ્રસાદદાસજી તથા આયોજનમાં મુખ્ય સેવા આપનાર સ્વામી વિશ્વપ્રકાશદાસજી ઉપર અતિ રાજીપો દર્શાવ્યો હતો. અને મહંત સ્વામીના શિષ્ય બાળકૃષ્ણ સ્વામીને "સદ્‌ગુરુ"ની પદવી એનાયત કરી હતી. શા.સ્વા. હરિપ્રિયદાસજી (ગાંધીનગર) અને અમૃતભાઈ પટેલે સભા સંચાલન કર્યું હતું. સભામાં ષષ્ઠિ પૂર્તિ મહોત્સવમાં ગામ તરફથી તન મન અને ધનથી સેવાની ઘોષણા કરવામાં આવી હતી. બહેનોને દર્શન આશીર્વાદ આપવા લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. ધર્મકુળનો ઉતારો પ.ભ. દેવચંદભાઈના નિવાસ સ્થાને રાખવામાં આવ્યો હતો. સાતેય દિવસ ગામ સમસ્તને ભોજન પ્રસાદ અને છેલ્લા દિવસે સમાજના ગામના લોકોએ પણ મહાપ્રસાદ લીધો હતો. આ પ્રસંગે અમદાવાદ, જેતલપુર, કાંકરિયા, નારાયણઘાટ, ગાંધીનગર, ઈડર, સાપાવાડા, બીલીયા, હિંમતનગર, શોકલી ગુરુકુળ અને ટોરડા આદિ મંદિરોથી ૫૦ જેટલા સંતો પધાર્યા હતા.

(શ્રી ઘનશ્યામ મંડળ)

ઈશ્વરપુરામાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અને અ.નિ.સ.ગુ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી (કાકા સ્વામી)ની દિવ્ય પ્રેરણાથી પ.ભ. ગલબાભાઈ જોરાભાઈ ચૌધરી (માજી કોઠારી) પરિવારના શુભ સંકલ્પથી શ્રીહરિ પ્રસન્નાર્થે તા. ૧૩-૧૨-૦૩ થી તા. ૧૭-૧૨-૦૩ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વકતા પદે અને સહિંતા પાઠ સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વકતા પદે સંપન્ન થઈ હતી. તા. ૧૭-૧૨-૦૩ પૂર્ણાહુતિના શુભદિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ગામના હરિભક્ત અને સંતોએ ખૂબજ ભાવભીનું સ્વાગત સામૈયુ કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી ને કથામાં પધાર્યા હતા. અને કથાની પૂર્ણાહુતિ ની આરતી ઉતારી હતી. યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. સભામાં સ.ગુ. શા. સ્વા. હરિકૃષ્ણદાસજી (છપૈયા માજી મહંત) સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (સ્કીમ કમિટી સભ્ય) અને શા. સ્વા આનંદપ્રિયદાસજી (વસ્ત્રાલ ગુરુકુળ) ને યજમાન પરિવારની સેવાને બિરદાવીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આગામી ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ ઉજવવા અંગેની માહિતી સભાને આપી હતી. સભા સંચાલન નાના પી.પી. સ્વામીએ સંભાળ્યું હતું, છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપી પ્રસન્ન થયા હતા.

પારાયણ પ્રસંગે બાળ કલાકાર મયંક મોદી અને પૂરવ પટેલે (કોટેશ્વર ગુરુકુળ) કીર્તનભક્તિની રમઝટ બોલાવી હતી. અને પ્રભાત ફેરીનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

<u>વરસોડા ગામના</u> મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી દર્શન કરવા પધાર્યા હતા. અને મંદિરનું સુંદર સિંહાસન પ્રસાદીની મૂર્તિઓ ચરણારવિંદ જોઈ અતિ પ્રસન્ન થયા હતા. ગામમાં સત્સંગની વિશેષ વૃદ્ધિ માટે આશીર્વાદ આપ્યા હતા.

<u>બદપુરા ગામના</u> હરિભક્તોએ મોટી સંખ્યામાં શ્રીહરિનામ સ્મરણ સાથે ગામમાં પ્રભાતફેરીનું આયોજન કર્યું હતું.

(નાના પી.પી. સ્વામી)

ધરમપુરમાં સત્સંગ સભા

અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી સ.ગુ. મહંત સ્વામી નિલકંઠદાસજી (સાપાવાડા) અને સ.ગુ. મહંત સ્વામી ભક્તવત્સલદાસજીએ સત્સંગ સભાનું આયોજન કરેલ. જેમાં ઉત્સવ ઉજવવાના પ્રયોજન સાથે ધર્મકુળ માહાત્મય સૌને સમજાવ્યું હતું. *(કોઠારીશ્રી)*

વેડાગોવિંદપુરામાં સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપક્મે આયોજીત સત્સંગ સભામાં મહંત સ્વામી ભક્તવત્સલદાસે (લીંબડી) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૬૦ વર્ષની સત્સંગની અનેકાનેક પ્રવૃત્તિમાંથી અમુક પ્રસંગોની વાતો દ્વારા ઉત્સવ ઉજવવાનું પ્રયોજન સૌને સમજાવ્યું હતું. વ્યસનથી પર રહી દેવ-આચાર્ય અને સંતનો પક્ષ રાખવા પર સુંદર વાત કરી હતી. *(વંદનપ્રકાશદાસ)*

કાલીચાણામાં ૬૦ કલાકની ધૂન્ય (તા. વિરમગામ)

અત્રે પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને બાઈઓના મંદિરના સાંખ્યયોગી બબુબાની પ્રેરણાથી ૬૦ કલાકની ધૂન્યનું આયોજન, સવા લાખ જનમંગલના પાઠ આદિ કાર્યક્રમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આગામી ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં કરવામાં આવેલ. ધનુર્માસમાં સવારે પ્રભાતફેરી, ધૂન-ભજન-કીર્તન આદિ બન્ને મંદિરોમાં કરવામાં આવે છે. પ.ભ. કોઠારીશ્રી, પ.ભ. ડાહ્યાભાઈ બૂટિયા અને પ.ભ. ભીખુભાઈ મોરી અને ગામના તમામ હરિભક્ત ભાઈ બહેનો શ્રધ્ધા ભક્તિથી આ ધાર્મિક પ્રવૃત્તિમાં જોડાય છે.

(અરજણભાઈ ગો. મોરી)

કાનોડ અને મેનાર (રાજસ્થાન)માં સત્સંગ સભા

પરમ પૂજય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી અને પૂજય પી.પી. સ્વામીની પ્રેરણાથી તા. ૮-૯-૨૦૦૩ ના રોજ ધરિયાવદના મહંત શા.સ્વામી ઈશ્વરજીવનદાસજી અને શા. ભક્તિનંદનદાસજી એ સત્સંગ સભાનું આયોજન કરી ગ્રામજનોને સર્વોપરિ મૂળ સંપ્રદાય અને તેની પરંપરા અને શ્રી નરનારાયણદેવ ગાદીનું માહાત્મ્ય અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવની રૂપરેખા માહિતી સાથે સમજાવી હતી. શ્રી હેમંતભાઈ સોનીએ આ પ્રસંગે સારી સેવા બજાવી હતી.

તેજ રીતે મેનાર ગામે

તા. ૧૧-૧૨-૨૦૦૩ના રોજ મહંત શા.સ્વા. ઈશ્વરજીવનદાસજી અને શા. ભક્તિનંદનદાસે ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ ઉજવવા અંગેનું હાર્દ સમજાવીને સૌને આ ઉત્સવમાં તન-મન અન ધનથી જોડાવા હાકલ કરી હતી. અત્રે સત્સંગની જાગૃતિ ખૂબજ સારી છે. શ્રી લક્ષ્મીચંદસાહેબે સત્સંગ સભાનું આયોજન ગોઠવ્યું હતું.

(સાધુ ભક્તિનંદનદાસ)

હિંમતનગર મંદિરમાં વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તથા મહંત શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજીની પ્રેરણાથી ઠાકોરજીનો ૧૪મો વાર્ષિક પાટોત્સવ તા. ૨૯-૧૧-૦૩ના રોજ સ્વામી ધર્મકિશોરદાસજી ના માર્ગ દર્શન મુજબ ધામધુમથી ઉજવાયો હતો. પાટોત્સવના યજમાન પદનો લાભ પ.ભ. વિજય મોદી તથા પ.ભ. નિલેશભાઈ લાલજીભાઈએ લીધો હતો.

ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપક્મે હિંમતનગર થી પ્રાંતીજ એક પદયાત્રાનું આયોજન સ્વામી હરિપ્રકાશદાસજીએ કર્યું હતું. જેમાં સંત-હરિભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. પદયાત્રીઓ માટે મહાપ્રસાદની સેવા ઈલોલના પ.ભ. કિરીટભાઈ પટેલે કરી હતી. નાસ્તાની સેવા પ.ભ. દિલીપભાઈ ત્રિવેદીએ કરી હતી.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

પ્રતાપપુરા (બાલવા)

અત્રે પ્રતાપપુરા ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દર રવિવારે સત્સંગ સભા નિયમિત રૂપે કરીને સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ધર્મકુળ માહાત્મય અને સર્વોપરિ શ્રીહરિનો સિદ્ધાંત સૌને સમજાવે છે. આજુબાજુના ગામોમાં પણ યુવાનો સભાઓ કરીને ખૂબજ પ્રયત્ન કરીને હરિભક્તોને અને અન્ય લોકોને નવા આશ્રિત કરીને વ્યસનથી પર રહેવા ઉપદેશ આપે છે. બાળકો માટે બાળમંડળની સ્થાપના કરીને બાળ સભા નિયમિત થાય છે. શ્રી સ્વામિનારાયણ માસિકના ૫ વંશપરંપરાગત અને ૬૦ વાર્ષિક સભ્યો કરીને પ્રસાર પ્રસારની સુંદર પ્રવૃત્તિ કરી રહ્યા છે. પ્રતાપપુરા યુવક મંડળની પ્રવૃતિ ખરેખર પ્રેરણારૂપ છે. *(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ પ્રતાપપુરા)*

ભવપુરા (તા. કડી)માં ષષ્ટિ પૂર્તિની સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ થી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આગામી ષષ્ઠિ પૂર્તિ જન્મ જયંતી મહોત્સવના ઉપક્મે ગામડાઓમાં પ્રચાર અને સભાઓનું આયોજન શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને સંતો દ્વારા થઈ રહ્યું છે. તે મુજબ તા. ૨૪-૧૧-૦૩ના રોજ ભવપુરામાં સભામાં પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી શ્રી ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સવારે ૮-૩૦ વાગે પધાર્યા ત્યારે ગામની ભાગોળેથી ધામધુમથી સ્વાગત સામૈયું કરવામાં આવ્યું હતું. આ સભાના આયોજન માટે જેતલપુરથી પી.પી. સ્વામી પધાર્યા હતા. ગામના ભક્તોએ મહોત્સવમાં આશરે ત્રણ લાખ રૂપિયાથી વધુ સેવાઓ નોંધાવી હતી. અને યુવકોએ સ્વયં સેવક તરીકેની સેવામાં જોડાવાની જાહેરાત કરવામાં આવી હતી. શ્રી નરનારાયણદેવના અડગ પક્ષવાળા ભવપુરા ગામની પ.પૂ. લાલજી મહારાજે આશીર્વાદમાં પ્રશંશા કરી હતી.

(કે.પી. સ્વામી જેતલપુર મહંત)

સીતાપુર પાટોત્સવ પ્રસંગે સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપક્મે સીતાપુર (તા. માંડલ)

ગામે સભા રાખવામાં આવી હતી. સીતાપુર ગામના હરિમંદિરના વાર્ષિક પાટોત્સવને નિમિતમાં રાખીને પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. તા. ૨૬-૧૧-૦૩ના રોજ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સીતાપુરના હરિભક્તોએ ષષ્ઠિ પૂર્તિ મહોત્સવમાં સાડા ત્રણ લાખ રૂપિયાની સેવા કરી હતી. આ આયોજનમાં જેતલપુરથી પૂ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂજ્ય પી.પી. સ્વામી સંત મંડળ સહિત પધાર્યા હતા. કોઠારી બળદેવભાઈ, નટુભાઈ, સોની બળદેવભાઈ તેમજ અમદાવાદથી રસિકભાઈ સોની પધાર્યા હતા. અને ષષ્ઠિ પૂર્તિ મહોત્સવમાં મુખ્ય ખજાનચી તરીકે પ.ભ. રસિકભાઈ દયાળજીભાઈ સોનીને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ નિયુક્ત કર્યાની જાહેરાત તથા સન્માન કરવામાં આવ્યું હતું. *(કે.પી. સ્વામી જેતલપુર મહંત)*

ધનુર્માસમાં ધર્મપુત્રનું વડનગરમાં આગમન

અત્રે વડનગરમાં સર્વોપરિ શ્રીહરિની કૃપાથી અને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મહંત સ.ગુ. સ્વામી હરિસેવાદાસજી તરફથી તા. ૧૨-૧૨-૦૩ થી ૧૬-૧૨-૨૦૦૩ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવણ પારાયણ જ્ઞાનયજ્ઞ મહંત શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજી (ઉનાવા) તથા કોઠારી સ.ગુ. શા. વિશ્વપ્રકાશદાસજીના વક્તાપદે ધામધુમથી સંપન્ન થયેલ.

તા. ૧૬-૧૨-૦૩ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે તેઓશ્રીએ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને સમસ્ત ગ્રામજનોને દર્શન આપવા શોભાયાત્રાના સુંદર રથમાં બિરાજમાન થયા હતા. આ દિવ્ય દર્શન કરીને સૌ ખૂબજ ધન્ય બની ગયા હતા.

ત્યારબાદ પારાયણની પૂર્ણાહુતિની આરતી કરીને સભામાં વિરાજમાન થયા હતા. શા.સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર ગુરુકુળ સંચાલક)એ તેમના ગુરુ સ.ગુ. સ્વામી હરિસેવાદાસજીનો સંકલ્પ સાકારરૂપ દર્શાવ્યો હતો. અને સ.ગુ. સ્વા. હરિસેવાદાસજીએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારી પૂજન કરીને આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે અમદાવાદ, મૂળી, નારાયણઘાટ, માણસા-ઈડર અને સિધ્ધપુરથી સંતો અને ઉત્તર ગુજરાતના ગામોના હરિભક્તો મોટી સંખ્યામાં પધાર્યા હતા.

અમદાવાદ મંદિરના મહંત શા. સ્વામી નિર્ગુણદાસજી, શા.સ્વા. હરિકૃષ્ણદાસજી અને મૂળીના સંતોએ સ્વામીની સેવાને બિરદાવી હતી. પ.ભ. નવિનભાઈ મોદીએ ધર્મકુળ મહિમા વર્ણવ્યો હતો. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના મોટાભાઈ પ.ભ. સોમાભાઈ તેમજ નગરપાલિકાના પ્રમુખ પ.ભ. જશુભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને અને સંતોને આશીર્વાદ આપી અતિ પ્રસન્ન થયા હતા.

(શા.સ્વા. વિશ્વપ્રકાશદાસ, વડનગર)

વાલી (રાજસ્થાન)

અહીંયા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં તા. ૨૧-૧૨-૨૦૦૩ના રોજ આંખોની તપાસ અને નિદાન કેમ્પ નિઃશુલ્ક રાખવામાં આવેલ. જેમાં ઘણાંજ હરિભક્તો અને અન્ય લોકોએ લાભ લીધો હતો.

થોબાઉ (રાજસ્થાન)

થોબાઉના આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં તા. ૨૧-૧૨-૨૦૦૩ના રોજ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વાપા (રાજસ્થાન)

અહીંયા હરિભક્તોએ સાથે મળી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં તા. ૨૯-૧૧-૦૩ના રોજ મહાપૂજાનું આયોજન કર્યું હતું. *(કેવારામ કૃષ્ણકુમાર સુથાર અને દિપારામ સોની)*

ઘ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંચાલિત શ્રીસહજાનંદ પ્રાથમિક વિદ્યામંદિરનું ગૌરવ

ગુજરાત રાજ્ય કક્ષાએ યોજાયેલ ઉર્જા મહોત્સવમાં સાયન્ટીક મોડલમાં આપણી શ્રી સહજાનંદ પ્રાથમિક વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ તૃતીય નંબર અને ગ્રીન શોપ્સમાં રજો નંબર મેળવી શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી અને સંસ્થાના સેક્રેટરીશ્રી શા.સ્વા. આત્મપ્રકાશદાસજીના માર્ગદર્શનથી આવી પ્રવૃતિમાં વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ દેખાવ કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે.

(આચાર્ય સુરેખાબેન)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

જસાપર (તા. ધ્રાંગધ્રા)

જસાપર ગામમાં શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી બહેનોના નૂતન મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૫-૧૨-૨૦૦૩ થી તા. ૯-૧૨-૨૦૦૩ પર્યન્ત કથીમદ્ સત્સંગિભૂષણ પારાયણ સ્વા. રામકૃષ્ણદાસજી (સંચાલકશ્રી ધ્રાંગધ્રા ગુરુકુળ)ના વક્તા પદે સુંદર શૈલીમાં થઈ હતી. ત્રણ દિવસના હરિયાગનું આયોજન કરવામાં આવેલ. તા. ૯-૧૨-૦૩ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે મંદિરમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા અને પારાયણ અને હરિયાગની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. સહિંતાપાઠના વક્તા સાધુ દિવ્યપ્રકાશદાસ રહ્યા હતા. મહોત્સવનું સંચાલન મૂળીના પૂજારી સ્વામી પ્રેમવલ્લભદાસજી અને સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ કર્યું હતું. ધ્રાંગધ્રા ગુરુકુળના સંતોની સેવા નોંધપાત્ર હતી. *(સાધુ નિલકંઠપ્રસાદદાસ ગુરુ જિષ્ણુ સ્વામી)*

રામગઢ (તા. ધ્રાંગધ્રા)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં રામગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરના ૪૯મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પાંચ દિવસની સત્સંગ શિબિર યોજવામાં આવી હતી. અ.નિ.સ.ગુ. સ્વામીશ્રી વિજ્ઞાનદાસજીના શિષ્ય મંડળ દ્વારા કથા-વાર્તા, ધૂન્ય ભજનનું સરસ આયોજન કરવામાં આવ્યું હતું. સમૂહ

મહાપૂજામાં હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. વ્યસનથી પર રહી વિશેષ ભજન ભક્તિના નિયમો લીધા હતા. *(સાધુ દિવ્યપ્રકાશદાસ ગુરુ જિષ્ણુ સ્વામી)*

મૂળીની મહાપ્રસાદીભૂત જ્ઞાનવાવે શાકોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સુરેન્દ્રનગર મંદિરના મહંત સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી સુરેન્દ્રનગર સત્સંગ સમાજ, મોરબી સત્સંગ સમાજ તરફથી તા. ૨૩-૧૨-૦૩ના રોજ પ્રસાદીની જ્ઞાનવાવ ઉપર ભવ્ય શાકોત્સવનું આયોજન કર્યું હતું. મૂળી દેશના ૫૦૦૦ ઉપરાંત હરિભક્તોએ લાભ લીધો હતો. મૂળી, મોરબી અને ધ્રાંગધ્રાના સંતોએ કથા-વાર્તાનો લાભ આપેલ. પ્રસંગનું સંચાલન શા.સ્વા. પ્રેમવલ્લભદાસજીએ કર્યું હતું. *(શૈલેન્દ્રસિંહ ઝાલા)*

સુરેન્દ્રનગર મંદિરમાં સત્સંગિજીવન પારાયણ

લક્ષ્મીસ્વરૂપ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની શુભ આજ્ઞા આશીર્વાદથી અત્રે મંદિરના સાં. કમળાબા, સાં.કોકીલાબા તથા સાં. ઉષાબાની પ્રેરણાથી બહેનોના મંદિરના પાટોત્સવના ઉપક્રમે કપડવંજના કિર્તીબેનના યજમાનપદે તા. ૯-૧૨-૦૩ થી તા. ૧૩-૧૨-૦૩ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજીના વક્તાપદે યોજવામાં આવી હતી. જેનો સારાયે સત્સંગ સમાજે લાભ લીધો હતો. આ પ્રસંગે દર્શન આશીર્વાદનો લાભ આપવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. સમગ્ર પ્રસંગનું સંચાલન શા.સ્વા. પ્રેમવલ્લભદાસજીએ કર્યું હતું. ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપક્રમે ૬૦ કલાકની ધૂન્ય અને શાસ્ત્ર પઠનના નિયમો સૌને લેવડાવ્યા હતા. *(શૈલેન્દ્રસિંહ ઝાલા)*

ભક્તિનગર (તા. હળવદ)

અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં સ્વામી શ્રીજી સ્વરૂપદાસ, ભક્તિ સ્વામી તથા વિશ્વવિહારી સ્વામીએ કથા-વાર્તા દ્વારા ધર્મકુળ મહાત્મય અને ષષ્ઠિ પૂર્તિ મહોત્સવની રૂપરેખા સમજાવી હતી. અને દરેકને અલગ અલગ નિયમો અપાવ્યા હતા. *(ગોપાલ તથા નિલકંઠ સ્વામી)*

લીલાપુર ગામે સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં તા. ૨૨-૧૨-૨૦૦૩ના રોજ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વા. વિશ્વવિહારીદાસ, સ્વા. ભક્તિવિહારીદાસ, હરિચરણ સ્વામી તથા નિલકંઠ સ્વામી અને સંત મંડળે કથાવાર્તા કરીને ઘણાંજ હરિભક્તોને જુદાં જુદાં નિયમો લેવડાવ્યા હતા. આમ અત્રે હરિભકતો પણ સંતોની કથાવાર્તા રૂપી વાણીથી ખૂબજ રાજી થયા હતા.

પ્રયાગરાજ (અલ્હાબાદ)માં શ્રી નરનારાયણદેવ તાબાનું મંદિર અને અદ્યતન ઉતારા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-કૃપાથી ત્રિવેણી સંગમ તીર્થ પ્રયાગમાં આપણું શ્રી સ્વામિનારાયણ મંદિર અને યાત્રિક હરિભક્તોને ઉતરવા માટે અદ્યતન ઉતારાની સુંદર વ્યવસ્થા ઉપલબ્ધ છે. જેથી દેશ-વિદેશથી યાત્રાએ આવતા હરિભક્તોએ પ્રયાગમાં આપણા મંદિર-ધર્મશાળામાં જ ઉતરવાનો આગ્રહ રાખવો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સ.ગુ. સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજીને મંદિર નિર્માણ થી જ મહંતપદે નિયુક્ત કરેલા છે. જેઓ હરિભક્તોની ખૂબજ સાર-સંભાળ રાખે છે.

મહંત સ્વામી
શ્રી સ્વામિનારાયણ મંદિર,
મહાત્મા ગાંધી રોડ, કે.પી. કોલેજ સામે,
અલ્હાબાદ (પ્રયાગ)
ફોન : (૦૫૩૨) ૬૦૪૯૧૪.

વિદેશ સત્સંગ સમાચાર

સ્ટ્રેધામ શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O. U.K.)

અત્રે ૫.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા સ્ટ્રેધામ મંદિરમાં તા. ૨૫-૧૦-૦૩ના રોજ દિવ્ય અન્નકૂટોત્સવ અને દર કલાકે આરતી દર્શન સવારે ૧૦ થી રાત્રે ૯ સુધી કરાવવામાં આવેલ.

તા. ૯-૧૧-૦૩ના રોજ તુલસી વિવાહનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તુલસી માતાના યજમાન (મૂળચકલાસી ખેડા) હાલ લંડનના પ.ભ. રસિકભાઈ ગોરધનભાઈ પટેલ તથા અ.સૌ. તરૂબેન રસિકભાઈ પટેલ પરિવાર રહ્યા હતા.

શાલીગ્રામ, વિષ્ણુ ભગવાનના યજમાન અમદાવાદના ગં.સ્વ. અમીશીબેન વિનોદભાઈ ત્રિવેદી પરિવાર તથા ગં.સ્વ. અન્નપૂર્ણાબેન રવિશંકરભાઈ શુકલે લાભ લીધો હતો.

આમ અત્રે મંદિરમાં આપણા દરેક ઉત્સવો ધામધુમથી ઉજવાય છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની સુંદર પ્રવૃત્તિ ચાલે છે.

(ડૉ. અમરશીભાઈ ગોહેલ)

લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O. U.K.)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧૩-૧૨-૨૦૦૩ના સમૂહ હનુમાન ચાલીસાના ૧૦૮ પાઠ સવારના ૧૦ થી સાંજના ૬ પર્યન્ત કરવામાં આવ્યા હતા. પ.ભ. રૂડાભાઈ રામજી હિરાણી પરિવારે યજમાન બનવાનો લાભ લીધો હતો. મોટી સંખ્યામાં હરિભક્તોએ પાઠમાં બેસીને લાભ લીધો હતો.

પ્રમુખશ્રી જયંતીભાઈ પટેલે યજમાન પરિવારનું સન્માન કરી આભાર વ્યક્ત કર્યો હતો. આખો દિવસ હરિભક્તોની દર્શન માટેની ભીડ જોવા મળી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃતિ અહીં સરસ ચાલે છે.

(હેમરાજભાઈ ચોટલીયા)

કાઉલી ખાતે સત્સંગ સભા (I.S.S.O. Europe)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી અહીં લીઓનાર્ડ ચર્ચ હોલમાં દિપોત્સવી સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૨૬ અને ૨૭ ઑક્ટોબરના આ ઉત્સવમાં શ્રી

સ્વામિનારાયણ ભગવાન, શ્રી નરનારાયણદેવ અને શ્રી રાધાકૃષ્ણદેવને અન્નકૂટ અર્પણ કરી હરિભક્તોએ શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કર્યા હતો. બબ્બે કલાકના આ દૈનિક ધર્મોત્સવમાં ભજન કીર્તન અને સમૂહ આરતી અર્પણ કરીને હરિભક્તોએ શ્રીહરિને પ્રસન્ન કર્યા હતા. બન્ને દિવસોએ વિશાળ સંખ્યામાં સત્સંગી પરિવારો એ ઉપસ્થિત રહી સત્સંગ સેવા કરી હતી. કાર્યક્રમને અંતે અન્નકૂટ મહાપ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

ટોરેન્ટો (કેનેડા)

અહીં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશિષથી અને યુવાચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સ્થાપેલ I.S.S.O. તરફથી દર પંદર દિવસે સત્સંગ સભા નિયમિત રૂપે થાય છે. શ્રી નરનારાયણદેવના અનન્ય નિષ્ઠાવાળા હરિભક્તો ધર્મ નિયમમાં બળ રાખીને વર્તે છે. નવા વર્ષના ઠાકોરજી સમક્ષ ભવ્ય અન્નકૂટ ઉત્સવનું આયોજન પ.ભ. મહેશભાઈ ટાંકના નિવાસ સ્થાને યોજવામા આવેલ. અન્ય શહેરોમાંથી ઘણા હરિભક્તો લાભ લેવા પધાર્યા હતા. દરેક હરિભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં ભવ્ય મંદિર નિર્માણ કરવાનો સંકલ્પ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ કર્યો છે. જે ટૂંક સમયમાં સાકાર થશે.

પ.પૂ. લાલજી મહારાજશ્રી સંત મંડળ સાથે ફરી અત્રે પધારીને સૌને દિવ્ય અલૌકિક સુખ આપ્યું છે. (વિશેષ અહેવાલ આવતા અંકે). *(મહેશભાઈ ટાંક)*

બુવી મેરીલેન્ડ (I.S.S.O. વોશિંગ્ટન ચેપ્ટર)

અત્રે ૨૨ નવેમ્બરના શનિવારે સાંજે ૩ કલાક સત્સંગી ભાઈ-બહેનોએ ભજન કીર્તન વચનામૃત વાચન થાળ-આરતી અને નિત્ય નિયમ આદિ કરવામાં આવેલ. હરિભક્તોએ સારી સંખ્યામાં સભાનો લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ પ્રવૃત્તિ સુંદર ચાલે છે. *(કનુભાઈ પટેલ)*

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીના ચાંદીના થાળની સેવા

દહીંસરા (કચ્છ)ના અ.નિ. પ.ભ. મંજુલાબેન દિનેશભાઈ લીંબાણી હા. પરબત કુરજી હાલારીયા ધ.પ. અમરબેન પરબત હાલારીયા અનિલ દિનેશ લીંબાણી તરફથી શ્રી નરનારાયણદેવના તથા અન્ય દેવના સાંજના ચાંદીના થાળ બનાવવા માટે રૂા. ૧,૩૦,૦૦૦/-ની સેવા કરેલ છે. શ્રીહરિની કૃપા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમના પર અતિ પ્રસન્ન થયા છે.

સાભાર સ્વીકાર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજી (સ્વા. મંદિર ગાંધીનગર સેકટર-૨૩) લિખિત "શ્રીમદ્ ભાગવત કથાસાર"નવા પ્રથમ પ્રકાશનનું મંદિરના રજત જયંતી પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. જે પુસ્તક દરેક હરિભક્તોને વાચન-મનન કરવા જેવું છે. જે અમદાવાદ મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી મળી શકશે.

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	પ.ભ. પિયુષકુમાર ધનજીભાઈ પટેલ શુભ લગ્ન પ્રસંગે	બાપુનગર
૧૦૧-૦૦	પ.ભ. ટાંક મનસુખભાઈ કુંવરજીભાઈ ચિ. મીરાબેન અને ચિ. રસિકભાઈ ટાંકના લગ્ન પ્રસંગે	મુંબઈ
૧૦૧-૦૦	પ.ભ. દયાળજીભાઈ કુંવરજીભાઈ ચિ. ઉષાના શુભ લગ્ન પ્રસંગે	(જામસર) સુરત
૧૫૨-૦૦	પ.ભ. અજમલભાઈ જાદવ ચિ. ઉમાને પી.ટી.સી.માં જોબમળી અને ચિ. ઝલકને ધો.-૧૨માં ૬૭% આવ્યા તે નિમિત્તે	રતનપર
૧૦૧-૦૦	પ.ભ. લાભુભાઈ વી. પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	નવસારી (સબજેલ)
૧૦૧-૦૦	પ.ભ. દેવન્દ્ર ગોરધનભાઈ પટેલ પુત્ર જન્મ પ્રસંગે	કુબડથલ
૧૦૧-૦૦	પ.ભ. વિપુલકુમાર ધરમશીભાઈ પટેલ શુભ લગ્ન પ્રસંગે	ધરમપુર
૧૦૧-૦૦	પ.ભ. દર્શનકુમાર ભરતભાઈ દેસાઈ નવું ટ્રેક્ટર લીધુ તે નિમિત્તે	(સુરવદરવાળા)
૫૦૧-૦૦	વેશાલી મણીલાલ પટેલ શુભ લગ્ન પ્રસંગે	(કરજીસણવાળા) ફ્લોરિડા
૧૦૧-૦૦	નિલકંઠ એલ્યુ મિનિયમના ઉદ્ઘાટન પ્રસંગે (હ. મુકેશભાઈ પટેલ)	દરિયાપુર
૧૦૧-૦૦	પ.ભ. હિતેશ જયંતીલાલ વેગડ નવું બાઈક લીધું તે નિમિત્તે	વલસાડ
૧૦૧-૦૦	પ.ભ. કાપડીયા ઘનશ્યામભાઈ મનજીભાઈ નવું બાઈક લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. મુકેશભાઈ જોઈતારામ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ડાંગરવા
૧૦૧-૦૦	પ.ભ. સચિનકુમાર દિલીપભાઈ કાછીયા પી.ટી.સી.માં પ્રવેશ મળ્યો તે નિમિત્તે	ખારોલ
૧૦૧-૦૦	અ.નિ. ઘુડાભાઈ નાથાભાઈ વાળંદના સ્મરણાર્થે	ખારોલ
૧૦૧-૦૦	પ.ભ. મૃદુલાબેન ભૂપેન્દ્રકુમાર પાઠક ભાનુબેનના સ્મરણાર્થે	(ખંડેરાવપુરાવાળા૦
૧૦૧-૦૦	પ.ભ. શંકરલાલ ઈશ્વરલાલ પંચાલ ચિ. ગૌરવ એસ.વાય.બી.એસ.સી.માં પાસ થયો તે નમિત્તે	તલોદ
૧૦૧-૦૦	પ.ભ. મનસુખલાલ નાગરદાસ વ્યાસ શ્રીજી પ્રસન્નાર્થે	(કાંકેર છ.ગ.)
૧૦૧-૦૦	પ.ભ. લાલભાઈ મરઘાભાઈ પટેલ ચિ. સચિનને જોબ મળી તે નિમિત્તે	ગાંધીનગર

૧૦૧-૦૦	પ.ભ. અરવિંદભાઈ એચ. અમીન કોઠારી તા. ૧૩-૧ના શુભ જન્મદિન પ્રસંગે	દહેગામ
૧૦૧-૦૦	પ.ભ. ગાંગદાસભાઈ ભવાનભાઈ રાઠોડ ચિ. ધર્મેન્દ્રકુમારના લગ્ન પ્રસંગે	ટીબા
૧૦૦-૦૦	પ.ભ. જયંતીભાઈ મોહનભાઈ ગોહેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૨૦૧-૦૦	પ.ભ. ચુનીલાલ લલ્લુભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	રામોલ
૧૦૧-૦૦	પ.ભ. ગાંગાણી વાલજીભાઈ ધરમશીભાઈ ચિ. ગીરીશના શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ગોહેલ પરસોતમભાઈ રવજીભાઈ ચિ. રંજીતાના શુભ લગ્ન પ્રસંગે	મોરબી
૧૦૧-૦૦	પ.ભ. ગાંગાણી રસિકભાઈ મોહનભાઈ ચિ. સુનીલના શુભલગ્ન પ્રસંગે	ગોવા
૧૦૧-૦૦	પ.ભ. ટાંક મહેન્દ્રભાઈ વસંતભાઈ ચિ. અમીના શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૨૦૧-૦૦	પ.ભ. હંસાબેન હસમુખભાઈ ભાવસાર ચિ. આર્યાને સ્કુલમાં બેસાડી તે નિમિત્તે (હા. હેતલ અને આશિષ)	કાંદીવલી-મુંબઈ
૧૦૦-૦૦	અ.નિ. મફતલાલ રણછોડદાસ પટેલ પૂણ્યતિથિ નિમિત્તે (હ. શૈલેષભાઈ)	મોટેરા
૧૦૦-૦૦	દિપકકુમાર પ્રવિણભાઈ પટેલ ૧૭માં જન્મ દિવસ પ્રસંગે	પીરાણા
૫૦૧-૦૦	પ.ભ. રમણલાલ પરસોત્તમદાસ ડોબરીયા (એડવોકેટ) ચિ. પુત્ર અમિશના શુભ લગ્ન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ ગૌરાંગ બી D.E.M.માં ફર્સ્ટક્લાસ પાસ તથા સ્વીટીબેનને B.ED.માં એડમીશન મળવા નિમિત્તેનાંદોલ	
૧૦૧-૦૦	પ.ભ. પટેલ રવિકુમાર રામભાઈ ચિ. કૂંજની ચૌલક્રિયા નિમિત્તે	વહેલાલ
૧૦૧-૦૦	પ.ભ. ડૉ. મનસુખ હિરજીભાઈ સાપરીયાને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે	ઘૂડકોટવાળા-રાજકોટ
૨૦૦-૦૦	પ.ભ. રાજેશભાઈ વાલજીભાઈ મકાનની પાયા વિધિ તથા વાસ્તુ નિમિત્તે	ભચાઉ (કચ્છ)

શ્રી ઠાકોરજીને થાળ તથા સંતોને રસોઈ માગસર માસની યાદી

માગસર સુદ-૧ પ.ભ. શૈલેષકુમાર ચીમનલાલ પટેલ, સૈજપુર બોધા. પ.ભ. ચંચળબેન નટવરલાલ દરજી. **માગસર સુદ-૨** પ.ભ. ગૌરાંગ પટેલ **માગસર સુદ-૩** પ.ભ. પરબતભાઈ રવજીભાઈ, સુરજપર. **માગસર સુદ-૬** પ.ભ. વિદ્યાબેન વિજયશંકર દવે. **માગસર સુદ-૭** પ.ભ. હેમેન્દ્રકુમાર જયંતિલાલ ભાવસાર, વિસનગર. **માગસર સુદ-૧૦** બ્ર.સ્વામી શ્રી માયાતીતાનંદજી. **માગસર સુદ-૧૩** પ.ભ. વિલાશબેન અશોકભાઈ ગઢિયા. **માગસર સુદ-૧૪** પ.ભ. હરિકૃષ્ણભાઈ ભોળાભાઈ પટેલ, વિરાર. **માગસર વદ-૧** પ.ભ. સારંગપુરથી ટોરડા પદયાત્રા સંઘ, સારંગપુર. **માગસર વદ-૫** પ.ભ. જયેન્દ્રકુમાર અમૃતલાલ. **માગસર વદ-૮** પ.ભ. પ્રવિણભાઈ ગિરધરદાસ પટેલ, કોઠા-કલોલ. **માગસર વદ-૧૩** પ.ભ. ડૉ. મિનાક્ષીબેન રવિકાન્ત, મસ્કી (યુ.એસ.એ.). પ.ભ. સૌરભ પુરુષોત્તમ પટેલ. પ.ભ. રેવાભાઈ છગનભાઈ પટેલ, બાયડ. અ.નિ. સ્વામી હરિપ્રિયદાસજી, ગઢડા. પ.ભ. લલિતાબેન બિપીનભાઈ પટેલ. **માગસર વદ-૩૦** પ.ભ. ઘનશ્યામભાઈ, વડુ.

અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ : શ્રી નરનારાયણદેવ ગાદીના અનન્ય હરિભક્ત પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કૃપાપાત્ર પૂ. ધ્યાની સ્વામીના આજ્ઞાકિંત હરિભક્ત પ.ભ. શામળભાઈ ગોરધનભાઈ સોનીના પુત્ર શ્રી કેશુભાઈ સોની (ઉં. ૪૨ વર્ષ) તા. ૨૨-૧૨-૦૩ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા કરતા અક્ષરનિવાસી થયા છે.

ડેમાઈ (જી. સાબરકાંઠા) : પ.ભ. નારણભાઈ નાથાભાઈ નાયી ૯૫ વર્ષની ઉંમરે શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તથા પ.ભ. પ્રવિણભાઈ વિરમભાઈ ૪૨ વર્ષની યુવાન ઉંમરે તા. ૧૬-૧૧-૦૩ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : મૂળ માનકુવા (કચ્છ)ના વતની અને શ્રી નરનારાયણદેવના અનન્ય આશ્રિત અને આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે ઈ.સ. ૧૯૫૭માં આફ્રિકા નાઈરોબી મોમ્બાસાના પ્રવાસમાં ઘણો સમય સાથે ધર્મ પ્રવાસમાં લાભ લઈ સેવા કરીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની ખૂબજ કૃપા મેળવેલી. તેવા પ.ભ. માવજીભાઈ રૂડાભાઈ (કચ્છ-ભૂજના અગ્રગણ્ય હરિભક્ત) પાંચાણી તા. ૭-૧૨-૨૦૦૩ના રોજ ૮૪ વર્ષની ઉંમરે શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તેમના અક્ષરવાસથી શ્રી નરનારાયણદેવ દેશ અમદાવાદ અને ભુજના સત્સંગને મોટી ખોટ પડી છે. શ્રીહરિ તેમના નિજ આત્માને પોતાના ધામના ધામે સુખીયા રાખે તેવી પ્રાર્થના.

ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) : શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન સત્સંગી અને આપણા ઓકલેન્ડ I.S.S.O.ના પ્રમુખ અને ત્યાંના આપણા નવ નિર્માણ થઈ રહેલા મંદિરમાં જેમની સેવા અગ્રેસર છે તેવા (મૂળ ઈટાળવા ગામના) પ.ભ. જયંતીભાઈ પટેલના ધર્મપત્નિ અ.સૌ. ચંદ્રિકાબેન જેઓ આપણા ઓકલેન્ડ મંદિરમાં બહેનોના સત્સંગમાં ખૂબજ અગ્રેસર હતા. અને અ.સૌ.પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના પણ અત્યંત કૃપાપાત્ર હતા. તેઓ ત્યાં ઓકલેન્ડમાં તા. ૧૧-૧૨-૦૩ના રોજ ટુંક માંદગીમાં શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. જેમના અક્ષરવાસથી ઓકલેન્ડના બહેનોના સત્સંગમાં મોટી ખોટ પડી છે.



કાનપુર (યુ.પી.)માં શ્રી નરનારાયણ દેવ તાબાના શિખરબધ્ધ મંદિરની શિલાન્યાસ વિધિ કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી સાથે લાભ લેતા ભૂમિદાતા પ.ભ.શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, પૂ. પી.પી.સ્વામી અને મહંત બ્ર.સ્વા.વાસુદેવાનંદજી



કાનપુર (યુ.પી.)માં પૂ. મહારાજશ્રી વી.એચ.પીના ખજાનચી શ્રી રાજાનાથ મહેન્દ્રજીને અમદાવાદ મંદિરનો ફોટો પ્લાન આપી તેની સર્વોપરિતા અને મહાત્મય સમજાવી રહ્યા છે. સાથે મેયર શ્રી અનીલ શર્મા, શ્રી તિવારી સાહેબ(પૂ.લાલજી મહારાજના સસરાજી) અને શ્રી તિવારી સાહેબ(પૂ.લાલજી મહારાજશ્રીના મામાશ્રી)




◁ લલોડામાં પારાયણ પ્રસંગે પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં મહંત સ્વામી ઘનશ્યામજીવનદાસજી ઉદ્‌બોધન કરતા.



ગાંધીનગર સેક્ટર-૨૩ મંદિરના રજત જયંતી પ્રસંગે 'ભાગવત કથાસાર'નું વિમોચન કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી સાથે સ.ગુ.શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી



પ.પૂ.લાલજી મહારાજશ્રીએ ટોરેન્ટો(કેનેડા)માં I.S.S.O.ની સ્થાપના કરીને અત્રેના સત્સંગને ખૂબજ દ્રઢ બનાવ્યો છે.હરિભક્તો દ્વારા દિવાળી અન્નકૂટ દર્શન.



સ્ટ્રેધામ (I.S.S.O.U.K.) આપણા મંદિરમ અન્નકૂટ દર્શન



◁ ધ.ધુ.આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ સંલગ્ન શ્રી સહજાનંદ પ્રાથમિક વિદ્ય મંદિરના વિદ્યાર્થીઓએ ગુજરાત કક્ષા યોજાયેલ ઉર્જા મહોત્સવમાં શ્રેષ્ઠ પ્રદર્શન ક ઉર્જામંત્રીશ્રી સૌરભભાઈ શાહના હ



"સ્કૂલ કોલેજોના અભ્યાસ પછી એકેડેમિક ડિગ્રી મળી હોય (B.A. કે B.S.C વગેરે) તે કોઈ છીનવી નથી શકતું. પણ સર્વાવતારી શ્રી હરિની આજ્ઞા પાળતા... પાળતા.... પાળતા મળેલ "સત્સંગી"ની ડીગ્રી યથાવત ચાલુ રાખવા સતત મહારાજની આજ્ઞા પાળતા રહેવું પડે. જો તેમા ફેર પડે તો "સત્સંગી"ની ડીગ્રી છીનવાઈ જાય છે."

પ.પૂ.ધર્ધુ.આચાર્ય
૧૦૦૮શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજશ્રીનો
ષષ્ઠીપૂર્તિ મહોત્સવ

તા. ૨/૪/૨૦૦૪ થી તા. ૮/૪/૨૦૦૪

"JAY SHREE SWAMINARAYAN"
NOW TELECAST ON ZEE TV
EVERY SUNDAY U.S.A. 10:00 am (EST) & 8:00 am U.K. (EST)

Prafull Kharsani